

મુક્તિ માર્ગના નાના-મોટા સહુ સાધકોના જીવનમાં

પ્રકાશ પાથરતું

# મુક્તકૃપા

વર્ષ ૩૨

અંક ૨

ફેબ્રુઆરી ૨૦૨૪

# મુક્તિ કૃપા

સળંગ અંક ૧૨૬


**દિવ્ય કૃપા :**
સ્વ. પ.પૂ. અચલગચ્છાધિપતિ આ.દે.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. તથા
નવકારમંત્રના આરાધક બા.બ્ર.પ.પૂ.સા.



શ્રી મુક્તિશ્રીજી મ.સા.

**શુભાશિષ :**
વર્તમાન અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન
પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**પ્રેરણા - માર્ગદર્શન :**



પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.

**પ્રકાશક :**
શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ-હુબલી

**મેનેજીંગ ટ્રસ્ટી :**
શ્રી પ્રજેશભાઇ વિરચંદભાઇ નારાણજી



સંસ્થાપક :
સ્વ. વિરચંદભાઇ નારાણજી કાનજી

**આદ્ય સંપાદિકા :**
સ્વ. ઇન્દિરાબેન જયંતીલાલ વિકમશી
B.com(Hons.) FGA (Lon) F.F.I.S.E.M.

**માનદ્ સંપાદિકા :**
શિલ્પાબેન અજાણી
(B.com, D.G., F.G.A. (Lon), F.F.I.G.)


વર્ષ ૩૨ | અંક ૨

## વિષયાનુક્રમ


૧. અર્હતની આંગળીયે...શિલ્પાબેન અજાણી.૦૧
૨. શ્રી ગીરનાર તીર્થ સ્તુતિ-આ.જયશેખરસૂરિ.૦૪
૩. શોધી લે જીવનનો સાર..................૬
૩. વૈરાગ્ય શતક...........................૧૩
૪. જયલક્ષ્મી બાગ..........................૨૦
૫. બાહુબલી................................૨૬
૫. CHILDREN'S CORNER..............૨૭
૬. જ્ઞાન સુધારસ પીજે.......................૨૯
૮. ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા...................૩૧




**પ્રેરણા - માર્ગદર્શન**
ખાનદેશરત્ના પ.પૂ. ડૉ. સાધ્વી
શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.
સંકલન -
સા. શ્રી હિમાંશુશ્રીજી મ.સા.

## અગત્યની સુચના :
### સહુ વાંચકો માટે : સહુ લેખકો માટે

જય જિનેન્દ્ર સહ સહુ વાંચકોને જણાવવાનું કે તમને તમારી કોઇ પણ કૃતિઓ ‘‘મુક્તિ કૃપા’’માં છપાવવી હોય તો તે કૃતિઓ સીધી પ્રેસ ઉપર મોકલવી નહીં. પ્રેસ ઉપર મોકલવામાં આવતી કોઇ કૃતિનો સમાવેશ મુક્તિ-કૃપામાં કરવામાં આવશે નહીં. તમારે તમારી કૃતિઓ ‘‘મુક્તિ-કૃપા’’ ના હુબલી સ્થિત મુખ્ય કાર્યાલયમાં નીચેના સરનામે મોકલવાની રહેશે. તમારી કૃતિઓ યોગ્ય લાગશે તો જ ‘‘મુક્તિ-કૃપા’’માં છાપવામાં આવશે. ન છપાયેલ કૃતિઓ પાછી મોકલવામાં આવશે નહીં.


**લિ. શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ**
2ND FLOOR, BUILDING NO 2,
ENKAY COMPLEX, KESHWAPUR,
**HUBBALLI - 5800 23.**
(KARNATAKA STATE) Mo. 9448350125

# શ્રુત રત્ન

૧. નરશી જેઠાભાઇ દંડ — વરાડીયા- મલકાપુર
૨. વીરચંદ નારાણજી કાનજી — નલીયા-હુબલી
૩. સ્વ. માતાજી નેણબાઇ ઉંમરશી માલશીના સ્મરણાર્થે હઃ રવિન્દ્ર નરશી લોડાયા — નલીયા
૪. ગોવિંદજી લખમશી લોડાયા — સુથરી
૫. ટોકરશી દામજી ધરમશી — જસાપર
૬. શ્રી પારોલા ક.દ.ઓ. જૈન મહાજન — પારોલા
૭. સોમચંદ ભાણજી લાલકા — વારાપધર
૮. ચાંપશી માણેકજી લોડાયા — સાંધવ
૯. ચીમનલાલ નરશી પાસુભાઇ છેડા હ : પુષ્પાબાઇ ચીમનલાલ છેડા — કોડાય
૧૦. મનોહર ટી. છાબરીયા — મુલુંડ
૧૧. કેકીન દીનેશ દંડ — મુલુંડ
૧૨. માણેકજી કુંવરજી નાગડાના સ્મરણાર્થે હ : પ્રતાપ માણેકજી શાહ — હુબલી
૧૩. ઉમરશી માલશી લોડાયાના સ્મરણાર્થે હઃ શા પ્રફુલ નરશી લોડાયા — નલીયા
૧૪. ઝવેરચંદ ખીમજી મોમાયા — ડુમરા
૧૫. લક્ષ્મીચંદ કેશવજી માંડણ — વારાપધર
૧૬. માતુશ્રી નવલબાઇ નરશી સોની — સુથરી
૧૭. હેમલતાબેન વસંતકુમાર વિકમશી — દાદર
૧૮. શાહ ગોવીંદજી શીવજી લોડાયા પરિવાર ઘાટકોપર
૧૯. શ્રીમતી જ્યોતિ ચિમનલાલ ખોના — સાયન
૨૦. સ્વ. માણેકજી નરશી લોડાયા (ઉર્ફે બાબુભાઇ શેઠ ગુંદરવાળા) ધનલક્ષ્મીબેન ધનરાજ કુરવા હાલ — કેનેડા
૨૧. શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન મંદિર અને શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન શ્વે. સંઘ — માટુંગા
૨૨. શ્રીમતી રમીલાબેન મણીલાલ ભટારા (મોમાયા) — નલિયા-ઘાટકોપર
૨૩. શ્રી બાબુભાઇ એમ. છેડા — માટુંગા-મુંબઇ
૨૪. શ્રી દેવલાલી જૈન શ્વેતામ્બર તીર્થ ટ્રસ્ટ — દેવલાલી (કેમ્પ)
૨૫. શ્રીમતી વાસંતીબેન નરેન્દ્ર શાહ — દેવલાલી
૨૬. શ્રીમતી ઇંદીરાબેન જયંતિલાલ વીકમશી — મુંબઇ
૨૭. પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સ્મૃતિ અર્થે શ્રી કચ્છી હીતવર્ધક ગૃહ ઉદ્યોગ કેન્દ્ર — હુબલી
૨૮. બેન નવલબાઇ હંસરાજ લોડાયા હઃ જયાબાઇ ગુલાબચંદ ડાઘા — પારોલા
૨૯. બાઇ લક્ષ્મીબાઇ દામજી પોલડીયા — ફૈજપુર
૩૦. ચિ. દલેશભાઇ તથા નિલમબેનના વર્ષીતપ અનુમોદનાર્થે શ્રીમતી જયાબાઇ ઝવેરચંદ મોમાયા સાહેરા — ચાલીસગાંવ
૩૧. ચિ. પલ્લવી વીરચંદ શાહ હઃ સૌ. વિમલા (કસ્તુરી) વીરચંદ શિયાળ — નાંદેડ
૩૨. શ્રીમતી મધુરીબાઇ નવીનચંદ સોનાવાલા — બેંગલોર
૩૩. શ્રીમતી ગુણવંતીબેન રતિલાલ શાહ — બુ-હાનપુર
૩૪. માતુશ્રી દેવકુંવરબેન મેઘજી વેલજી ધરમશી હઃ ડો. ઉર્વશી, પ્રિયવંદા, તક્ષશિલા અને વિધાતા –ગોરખડી
૩૫. માતુશ્રી માનબાઇ માલશી કલ્યાણજી મોતા – કુવાપધર હાલ કલકત્તા હસ્તે કવિ પ્રેમચંદ મોતા
૩૬. શ્રી હીરાચંદ અરજણ પટેલ – બાંઢીયા – ઐરોલી
૩૭. શ્રીમતી નયના અશોક લાપશીયા – મુલુંડ
૩૮. ચિ. વિરાજની ૯૯ યાત્રા નિમિત્તે અ.સૌ. હિના ડો. રણધીર–મુલુંડ
૩૯. ભૂમિ અને ઇશા સંજય પીર – ન્યુ જર્સી
૪૦. શ્રીમતી રાજબાઇ કેશવજી મોમાયા – મુંબઇ હઃ સૌ. જશ્મા હીતેશ મોમાયા
૪૧. શ્રીમતી નિર્મલાબાઇ સુમતિચંદ લોડાયા– નાસિક
૪૨. શ્રીમતી દમયંતી શામજી દંડ – મુલુંડ (વે.)–સેવક ભરૂડીયા
૪૩. અ.સૌ. રશ્મિ તિલક લોડાયા – નલીયા – અમલનેર

## જ્ઞાન દાનનો અનોખો લાભ

પરમાત્માએ જ્ઞાનની ગંગા વહેવડાવી... ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી આચાર્ય-ઉપાધ્યાય-સાધુ ભગવંતોએ આ વાણી આપણા સુધી પહોચાડવા પ્રયત્ન કર્યો.. હવે અમે આ વાણીને ઘર-ઘરમાં પહોંચાડવાનો સંકલ્પ કર્યો છે. આપ સહુનો સહકાર અમારા સંકલ્પને સિદ્ધિ અપાવશે. આવો જ્ઞાન-દાનનો અનોખો લાભ લઇ મળેલી સંપત્તિને સફળ બનાવીએ.

આ યોજનામાં લાભ લેનાર ભાગ્યશાળીઓને ટ્રસ્ટમાંથી બહાર પડતું સાહિત્ય ભેટ આપવામાં આવશે.
જ્ઞાન દાનનો અનોખો લાભના યોજનાની જાણકારી માટે પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા નીચે જણાવેલ હુબલી ટ્રસ્ટનું સંપર્ક સાધવા વિનંતી.

**લિ. શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ**
2ND FLOOR, BUILDING NO 2, ENKAY COMPLEX,
KESHWAPUR, **HUBBALLI - 5800 23.** KARNATAKA STATE Mo. 9448350125

**અંક ન મળ્યાની ફરિયાદ :** ‘‘મૃક્તિ કૃપા’’ ત્રિમાસિક અંક છે. દર વર્ષે ફેબ્રુઆરી, મે, ઓગષ્ટ, તથા નવેમ્બરની ૧૦ તારીખના નિયમિત પાલીતાણાથી પોસ્ટ કરવામાં આવે છે. તમને તા. ૨૫ સુધી અંક ન મળે તો તમારા સભ્ય ક્રમાંક સાથે પાલીતાણા ફરીયાદ કરવી. અંક શિલ્કમાં હશે તો તમને મોકલવામાં આવશે. સભ્ય ક્રમાંક વિનાની ટપાલ ઉપર ઘ્યાન આપવામાં આવશે નહીં.
અંક ન મળ્યાની ફરીયાદ નીચેના સરનામે કરવી.
‘‘મુક્તિ કૃપા’’ અશોક પ્રિન્ટરી, દરબાર ચોક, પાલીતાણા. ૩૬૪૨૭૦. મો.૯૮૯૮૭૫૩૮૭૦.

श्री शत्रुंजय એકેડમી સંચાલિત

# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય, સ્ટેશન રોડ, ચાલીસગામ. જી. મહારાષ્ટ્ર - ૪૨૪ ૧૦૧.

**શુભાશીર્વાદ**
શાસન શિરોમણી, તપચક્રવર્તી, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**દિવ્યકૃપા**
આગમ આરાધિકા બા.બ્ર.પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા. તથા
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.

**પ્રેરણા માર્ગદર્શન** - પ.પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. M.Sc., Ph.D.

મળેલા માનવભવને સફળ કરવા...

મળી ગયેલા જિન શાસનને જાણવા... સમજવા...

જીવનમાં પરિવર્તન લાવી સાચા સાધુ-શ્રાવક બનવા..

સમ્યગ્જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી લગાવી શ્રુતરત્નો પ્રાપ્ત કરવા..

જીવનમાં સુખ-શાંતિ અને સમાધિનો અનુભવ કરવા...

# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમમાં

## જોડાવવા હાર્દિક આમંત્રણ

હિન્દી, ગુજરાતી તથા English ત્રણે વિભાગોમાં વર્તમાન પરિસ્થિતિના કારણે
પાંચે વર્ષમાં અભ્યાસક્રમમાં ONLINE પ્રવેશ ચાલુ છે.

વધુ વિગત માટે જુઓ www.shatrunjayacademy.com વેબસાઈટ પર

First in Gujrati... Then in Hindi

Now in English Also

જૈન સ્નાતક બનવા માટે ત્રણ વરસનો અભ્યાસક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસક્રમમાં તમને કુલ ૧૦ (દસ) પાઠ મોકલવામાં આવશે. પ્રત્યેક પાઠ સાથે પ્રશ્નપત્ર રહેશે. પાઠનો અભ્યાસ કરીને પ્રશ્નપત્ર ભરીને તમને પાછો મોકલવાનો રહેશે. ૧૦ (પાઠ) પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે.

વાર્ષિક પરીક્ષામાં પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે (F.Y.B.J.) તમને ''સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા, બીજા વર્ષના અંતે (S.Y.B.J.) તમને 'સમ્યગ્ જ્ઞાન પરિચય', ત્રીજા વર્ષના અંતે (T.Y.B.J.) તમને 'સમ્યગ્ જ્ઞાન સ્નાતક', (B.J.)ની પદવીથી સન્માનિત કરવામાં આવશે. આગળ માસ્ટર (Master of Jainism (M.J.) અને ડોક્ટરેટ Doctor of Jainism (D.J.) ડિગ્રી પણ મેળવી શકાશે.

| સંપર્ક સૂત્ર | સંપર્ક સૂત્ર | સંપર્ક સૂત્ર |
|---|---|---|
| સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા<br>શાહ ગોવિંદજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ<br>મોઢા રોડ, ઔરંગાબાદ-૪૩૧૦૦૧.<br>ફોન : (02848) 2336475. | SHILPA AJANI<br>MUMBAI<br>Mo. 9821113338<br>Email : shilpaajani1@gmail.com | લતાબેન વીકમશી<br>૨/૩૯ અનંતનિવાસ, ભાત બજાર,<br>મસ્જીદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯.<br>Mo. 9323944117. |

સંપર્ક સૂત્ર - હેમલ પોલડિયા C/o. શ્રી શત્રુંજય એકેડમી, ચાલીસગામ. Mo. 8956372227

PRINTED MATTER ONLY     BOOK POST

To,

From :-
Shatrunjay Mukti Virendu Ratnatrayi Trust
New cotton Market,
HUBLI - 580 029
(KARNATAKA STATE)

ફરીયાદ લખતી વખતે આપનો ગ્રાહક નંબર અવશ્ય લખવો.

# અર્હતની આંગળીયે

## વીતરાગ પથિકોને વિનયવંદન!!!

હાલમાં અયોધ્યા નગરી સમસ્ત વિશ્વની દ્રષ્ટિનું કેન્દ્રબિંદુ રહી છે. પણ જૈન મત અનુસાર અયોધ્યા શાશ્વત નગરી છે. છેક ૧૪મી શતાબ્દીમાં આચાર્ય શ્રી જિનપ્રભસૂરિ લિખિત 'વિવિધ તીર્થંકલ્પ' નામના ગ્રંથમાં પ્રાચીનકાળમાં અયોધ્યામાં બનેલી મહત્ત્વની ઘટનાઓનું આલેખન કરવામાં આવ્યું છે.

રામજન્મભૂમિ રૂપે અયોધ્યા નગરી મહાતીર્થ નો મરતબો તથા મહિમા પામી છે, એ જ રીતે આપણા ધર્મના ચોવીસ તીર્થંકરોમાંથી પાંચ-પાંચ તીર્થંકરોનો જન્મ આ અયોધ્યાની ભૂમિ પર થયો છે. આપણા વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરોમાંથી પાંચ-પાંચ તીર્થંકરોનાં કલ્યાણકો અહીં આવ્યાં છે. આપણે સૌ જાણીએ છીએ કે દરેક તીર્થંકરના જીવનની ચ્યવન (ગર્ભાંતરણ), જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ એ પાંચ ઘટના દિવ્ય અને મંગલ ગણાય છે. આ ઘટનાને કલ્યાણકો કહેવાય છે અને જે ભૂમિ પર આ પાંચ કલ્યાણક થયા હોય તે ભૂમિ કલ્યાણકભૂમિ કહેવાય છે. એ સંદર્ભમાં અયોધ્યાનું વિશેષ મહત્ત્વ એ માટે છે કે તે પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવના ત્રણ કલ્યાણકોની ભૂમિ છે. એ પછી બીજા તીર્થંકર શ્રી અજિતનાથ, ચોથા તીર્થંકર શ્રી અભિનંદન સ્વામી, પાંચમા તીર્થંકર શ્રી સુમતિનાથ અને ચૌદમા તીર્થંકર શ્રી અનંતનાથ ભગવાનનાં ચારચાર કલ્યાણકોની એટલે કે ચ્યવનકલ્યાણક (ગર્ભાંતરણ), જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક અને કેવળજ્ઞાન કલ્યાણકની આ પરમ પવિત્ર ભૂમિ છે.

ત્રીજા સૈકામાં થયેલા શ્રી પાદલિપ્તસૂરિ કે જેમના નામ પરથી પાલિતાણા નગર વસ્યું છે, તેમનો જન્મ અયોધ્યામાં થયો હતો. ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના સમયે આ નગરી 'સાકેતપુરી' તરીકે ઓળખાતી હતી. પ્રાચીન કાળમાં અયોધ્યાનગરી એક નહીં, બલ્કે આઠ નામોથી પ્રસિદ્ધ હતી. એ આઠ નામો છે ઈક્ષ્વાકુ ભૂમિ, કોશલ, કોશલા, વિનીતા, અયોધ્યા, અવધ્યા, રામપુરી અને સાકેતપુરી.'ઈક્ષ્વાકુ ભૂમિ' તરીકે ઓળખાતી આ અયોધ્યા નગરીનું જૈન ધર્મમાં ઘણું મહત્ત્વ છે. સાથે જ પુરાણોમાં ઉલ્લેખો મળે છે તે પ્રમાણે વિમલવાહન આદિ સાત કુલકરો આ ભૂમિમાં થયા હતા. છેલ્લા કુલકર નાભિરાજના સમયમાં સમાજની સ્થિતિ કંઈક અલગ જ હતી. એ સમયે

સ્ત્રી-પુરુષોનાં યુગ્મો સાથે જ જન્મતાં, એકબીજાને પરણતાં અને નિર્વાણની અનંત શાંતિ પણ સાથે જ અનુભવતાં. આજના જેવા દુઃખ કે સંતાપ નહોતા. એમના સમયમાં પ્રથમ વરસાદ વરસવા લાગ્યો. વૃક્ષ અને વેલ પોતાની મેળે ઊગવા માંડયાં. એવા સમયે નાભિરાજના પુત્ર ઋષભદેવનો અયોધ્યામાં જન્મ થયો. નાભિ કુલકરની સૂચનાથી લોકોએ તેમને રાજા બનાવ્યા. તેમના રાજ્યાભિષેક સમયે યુગલિકોએ પડિયામાં પાણી ભરી લાવી રાજા ઋષભદેવના અંગુઠે અભિષેક કર્યો. આ વિનયથી આ નગરીનું નામ 'વિનીતા' પડયું. શ્રી ઋષભદેવે લોકોને સંસારયાત્રાની રીત શીખવી. નીતિના પાયા રૂપે લગ્ન અને ગૃહજીવનની સ્થાપના કરી બતાવી.

ભગવાન ઋષભદેવે સંસારવ્યવહારની વ્યવસ્થા કરી. કૃષિ, શિલ્પ, લિપિ અને વિદ્યાની શાખા-પ્રશાખાઓ વિકસાવી. ઋષભદેવની પુત્રી બ્રાહ્મીના (જેણીએ જગમાં સર્વપ્રથમ લિપિ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું તેમના) નામ ઉપરથી એશિયાની સૌથી પ્રાચીન બ્રાહ્મી લિપિ અસ્તિત્વમાં આવી. એમની બીજી પુત્રી સુંદરીએ અંકશાસ્ત્રનું જ્ઞાન હસ્તગત કર્યું હતું. રાજકુમાર ભરતજી બોંતેર કલામાં પ્રવીણ હતા.

આ રીતે જ્ઞાન અને સંસ્કારનો સૌ પહેલો પ્રકાશ આ ભૂમિમાંથી સર્વત્ર પ્રસર્યો. અહીંથી જ ભરત ચક્રવર્તી સમ્રાટ થયા અને આ દેશનું ભારત નામ ભરત પરથી પડયું છે. એમના બંધુ બાહુબલિ અત્યંત બળવાન હતા, જેમની શ્રવણબેલગોડામાં આવેલી ભવ્ય પ્રતિમા વિદ્ધપ્રસિદ્ધ છે.

આ શહેરમાં ભગવાન ઋષભદેવે સમાજને છ કાર્યો (અસિ, માસી, કૃષિ, અધ્યયન, હસ્તકલા અને વાણિજ્ય) નું જ્ઞાન આપ્યું હતું. સામાજિક વ્યવસ્થા સ્થાપી, નગરો, ગામડાં, ખેતરો, શહેરો વગેરેની રાજકીય વ્યવસ્થાની દૃષ્ટિએ ગોઠવણ કરી. તેમણે સમગ્ર દેશને બાવન જિલ્લામાં વહેંચી દીધો હતો.

અંતે ભગવાન ઋષભદેવે અહીં જ દીક્ષા લઈ શ્રમણોની આચાર સંહિતાનું જ્ઞાન વિસ્તાર્યું હતું. જા ઋષભદેવની દીક્ષાએ એક નવીન ઘટનાનું સર્જન કર્યું. હિન્દુ પરંપરાથી વિપરીત, અહીં ત્યાગ કરનાર વ્યક્તિ પોતાની સાથે પત્નીને રાખતા નહીં કે કોઈ આશ્રમ નિર્માણ કરતા નહીં. વળી વિવેકી આ રીતભાતથી અહીંના નિવાસીઓ ઘણા સંસ્કારી ગણાતા. આ જ કારણે આ નગર 'આદિતીર્થ' અને 'આદિનગર' તરીકે ખ્યાતિ પામ્યું.

અહીંથી ઉત્તર દિશામાં આવેલા અષ્ટાપદ પર્વત ઉપર ભગવાન આદીશ્વરનું નિર્વાણ થયું હતું. એ નિર્વાણ ભૂમિમાં ભરત ચક્રવર્તીએ 'સિંહનિષદ્યા' નામનું ઊંચું અને વિશાળ જિનમંદિર બંધાવ્યું હતું. વિ.સં. ૧૩૭૦માં ઘોઘરા અને સરયૂ નદીના સંગમ પર 'સ્વર્ગ દ્વાર' હોવાનો ઉલ્લેખ મળે છે અને ત્યાં ભવ્ય જિનાલય હતું. ભરત ચક્રવર્તીએ પણ અહીં ચારેય દિશામાં શિલ્પો અને સ્તૂપોનું નિર્માણ કર્યું હતું. આજે અયોધ્યામાં દિગંબર અને શ્વેતાંબર જિનાલયો છે, જેની પ્રતિમાઓ અગિયારમી સદી પછીની હોવી સંભવે છે.

જિનમંદિરોની દ્રષ્ટિએ જોઈએ તો અયોધ્યાના કટરા મહોલ્લામાં જૈન તીર્થધામ આવેલું છે. કોટની મધ્યમાં શ્રી અજિતનાથ ભગવાનનું દેવાલય નવા સ્વાંગમાં શિખર અને ભૂમિગૃહથી શોભી રહ્યું છે. સામે સમવસરણના આકારની દેરીમાં શ્રી ચંદ્રપ્રભુ અને શ્રી અજિતનાથપ્રભુ બિરાજે છે. ખૂણા પરની દેરીઓમાંથી પાદુકા અને બિંબો લાવીને અહીં તેમજ મૂળ મંદિરમાં પધરાવ્યાં છે. શ્યામવર્ણી સાત પાદુકાઓમાં - ચાર-ચાર, પાંચ-પાંચ જોડી પગલાં આલેખ્યાં છે, જે ભગવાનનાં કલ્યાણકોનું સ્મરણ કરાવે છે. ભોંયરામાં પબાસન અને દાદાજીની પાદુકા છે. મંદિરનો જિર્ણોદ્ધાર થયો છે. આ રીતે જૈન ધર્મમાં છેક પ્રાચીનકાળથી અયોધ્યા નગરીનો મહિમા ધર્મતીર્થ તરીકે જોવા મળે છે.

અત્યારે અયોધ્યા અને નંદીગ્રામમાં ચાર સ્થળોએ ખોદકામ કરવામાં આવ્યું છે અને જન્મભૂમિ તરીકે ગણાતા ચાળીસ કૂટના ટીલાનું સૌથી પ્રથમ ખોદકામ કરવામાં આવ્યું. અયોધ્યાથી ચૌદ માઈલ દૂર આવેલા નંદીગ્રામમાં ખોદકામ લગભગ પૂરું થઈ ગયું છે. એમાંથી એક નાની કાયોત્સર્ગ મુદ્રા ધરાવતી પ્રાચીન જૈન પ્રતિમા મળી છે.

આજે અયોધ્યામાં ભગવાન ઋષભદેવના પુત્ર ચક્રવર્તી ભરત દ્વારા સર્જિત સ્થળ પર ભવ્ય મંદિર બની રહ્યું છે અને એક નિર્માણ ૭૨૦ મૂર્તિઓ ધરાવતા મંદિરનું પણ થઈ રહ્યું છે. ત્રણ વર્ષ પૂર્વે સરકારે અયોધ્યામાં કલાત્મક જૈન મંદિર, સંગ્રહાલય અને ભોજનશાળા માટે પાંચ એકર જમીન આપી છે. આ કાર્યની પૂર્ણાહુતિ થી પાંચ તીર્થંકરોનાં જન્મકલ્યાણકોનું આ આદિતીર્થ પ્રાચીન ઇતિહાસ, ભારતીય સંસ્કૃતિ, સુંદર શિલ્પકાર્ય તેમજ પ્રગાઢ ધર્મભાવનાને પ્રગટાવી પોતાના સર્વ પ્રાચીન નામો ફરી એકવાર સાકાર કરશે અને અહીં દર્શને આવનારા સહુ ભાવિકો ફરી ગાઈ શકશે કે:

**" ઝુકાવું જ્યાં વિનયથી શિર,**
**વીર પ્રભુ, ઉતરું સામે તીર!"**

**શાસનની શાક્ષીએ**
**ત્રિયોગે મિચ્છામી દુક્કડમ**
**શિલ્પા અજાણી**
૨૮/૦૧/૨૦૨૪

# શ્રી ગીરનાર તીર્થ સ્તુતિ ગર્ભિતા દ્વાત્રિંશિકા

કવિ ચક્ર ચક્રવર્તી અચલગચ્છ શૃંગાર પ.પૂ. આ.ભ. **શ્રી જયશેખરસૂરીશ્વરજી મ.સા.**
વિરચિત શ્રી ગિરનાર તીર્થની ગૌરવ ગાથા અહિં પ્રસ્તુત કરવામાં આવી છે.

**तुच्छेन्द्रियार्थै: कुवलीफलाभैविलोभ्य मां बालमनंधूर्त्त: ।**

**त्वदेव देवाधिगतं विवेक-रत्नं भृशं दुर्लभमाच्छिनत्ति ।।१७।।**

હે દેવ ! તમારી પાસેથી જ પ્રાપ્ત કરાયેલા અતિદુર્લભ એવા વિવેકરુપી રત્નને બોરડીના ફળો જેવા તુચ્છ એવા ઇન્દ્રિયોના વિષયોવડે અજ્ઞાની એવા બાળક જેવા મને લલચાવીને કામદેવરુપી ધૂતારો-ઠગારો છીનવી લે છે.

**समं सुमास्रेण तवाऽवियोगा, कदा जगन्मित्र ! बभूव मैत्रि ।**

**स्थितिर्मदन्त: करणेऽलाकेऽपि, तवापि तस्यापि यदद्य जाता ।।१८।।**

હે જગતમિત્ર ! કામદેવની સાથે તારે મૈત્રી ક્યારે - ક્યારથી થઇ ? જે કારણથી નાના પણ મારા અંતઃકરણમાં તારી પણ અને કામદેવની પણ સ્થિરતા થઇ.

**युधि त्वया त्रासित एष कामो, मच्चितदुर्ग्गं विवशो विवेश ।**

**तत्रापि वीरस्त्वमुपागतोऽसि, तद्वश्य क्रूरममुं निगृह्य ।।१९।।**

યુદ્ધમાં તારા વડે ત્રાસિત કરાયેલો -ત્રાસ પામેલો અને પરાધીન થયેલો આ કામદેવ મારા હૃદયરુપી કિલ્લામાં ભરાયો છે. ત્યાં પર વીર સુભટ એવો તે આવી ચડ્યો છે તે કારણથી ક્રૂર એવા આ કામદેવને પકડીને તું દૂર કર...

**अपायत: पासि कथं त्रिलोक मोकस्तवैवातिकृशं भुशं स: ।**

**मच्चेत एतत्त्वयि मध्यगेपि, यत्साम्प्रतं लुम्पति कामचौर: ।।२०।।**

હે પ્રભુ ! તું ત્રિલોકને અપાયથી એટલે જ દુઃખથી કેવી રીતે રક્ષે છે... ત્રણ લોકનું રક્ષણ કેવી રીતે કરે છે ? મારા ચિત્તસ્વરૂપ તારું જ પોતાનું ઘર અત્યંત દુર્બળ.. કૃશ થયેલું છે. જે કારણથી સંરક્ષક એવો તું કેન્દ્રમાં... મધ્યમાં બિરાજમાન હોવા છતાં પણ આ મારું ચિત્ત હમણાં અત્યારે કામ-વિકાર રુપ ચોર લુટારા વડે લુંટાય છે. પરાધીન કરાય છે.

यद्वा स्वसआपि समत्वसार !, नाऽरिक्षितं रक्षितुमुद्यमस्ते,।

अयं शमः कस्य न विस्मयाय, पुनः प्रभो ! न प्रभुधर्म एषः ।।२१।।

હે ક્ષમા ભંડાર ! શત્રુઓથી વિનષ્ટ એટલે નાશ પામતા સ્વશરીરને વિષે પણ તમારો પુરુષાર્થ - ઉદ્યમ નથી આવો આ તારો શમભાવ કોના વિસ્મય કે આશ્ચર્ય માટે નથી ? પરંતુ હે પ્રભુ ! આ કાંઇ પ્રભુધર્મ-સ્વામી ધર્મ તો નથી જ.

सर्वस्वनाथ ! स्वयमेव चेत-श्चेत्कृन्तसीदं मम तन्न खेदः ।

रागादिभिर्वैरिभिरर्द्यमान मुपेक्षसे यत्तदलं दुनोति ।। २२।।

હે પ્રાણનાથ ! હે જીવનાધાર ! મારા આ ચિત્તને જો તું પોતે જ કાપે છે... છેદે છે તે કારણથી તો મને ખેદ કે દુઃખ નથી પરંતુ જે કારણથી રાગાદિક આંતરશત્રુઓ વડે પીડાતાં... ચગદાતા પણ ચિત્તની જો તું ઉપેક્ષા કરે છે તે વાત મને અતિશય પીડે છે... દુઃખ આપે છે.

येन त्वदाज्ञा बहुशो व्यलोपि, भ्रमेण सर्वत्र तया भियेव ।

स एष चेतश्चरटो नियंत्र्य युक्तं त्वयावासि निजाध्रिंमूले ।।२३।।

જે ચિત્ત વડે આપની આજ્ઞા, તે આજ્ઞાના જ ભયથી ભ્રમથી સર્વત્ર ઘણીવાર લોપી તે મારો ચિત્તરૂપી ચોર નિયંત્રણ કરીને તારા વડે નિજ ચરણ મૂલમાં રખાયું તે કાર્ય સુયોગ્ય જ છે.

शान्ताभिधं सिद्धरसं तवेश ! द्दष्टावहं साधयितुं समीहे ।

पञ्चेन्द्रियव्यन्तरका अकाले, जिहीर्षवस्तं भवतैव वार्याः ।।२४।।

હે સ્વામિન્ ! શાન્ત છે નામ જેનું એવા તારા સિદ્ધરસને જોઇને હું પણ તેને સાધવાને માટે ઇચ્છું છું. પરંતુ અકાળે જ તે શાન્ત સ્વભાવરૂપી સિદ્ધરસને અપહરણ કરી જવાને માટે ઇચ્છતા એવા પાંચ ઇન્દ્રિયરૂપી વ્યંતરો-ભૂતડાઓ આપના દ્વારા જ નિવારવા યોગ્ય છે....

# શોધીલે જીવનનો સાર

## ૧. બુદ્ધિથી સિદ્ધિ....

એક સુંદર મજાની નગરી...

રાજા પણ ન્યાયપ્રિય અને પ્રજાવત્સલ...

પ્રજાનાં સુખે સુખી અને પ્રજાના દુઃખે દુઃખી...

તેમનો પ્રધાન ચતુર અને બુદ્ધિશાળી...

તે નમ્ર અને વિવેકી હતો... કાર્યકુશળતા હતી...

તેના કારણે પ્રધાને રાજાનું હૃદય જીતી લીધું હતું... રાજાના એના ઉપર ચાર હાથ હતા... રાજાને પ્રધાન પોતાના શ્વાસ-પ્રાણ જેવો વ્હાલો હતો... દરેક કાર્ય રાજા પ્રધાનને પૂછી-પૂછીને કરતા હતા... તેથી રાજ્યમાં બીજા નાના મંત્રીઓ તથા અમલદારોને પ્રધાન ઉપર ખૂબ ઈર્ષ્યા આવવા લાગી...

મહારાજા તો જ્યારે અને ત્યારે પ્રધાનની જ પ્રશંસા કર્યા કરે છે. દરેક કાર્યમાં રાજા એને જ પૂછે છે. આપણું તો કોઇ ભાવ જ પૂછતું નથી. નાના મંત્રીઓએ પ્રધાન પર ઈર્ષ્યાના કારણે રાજાના કાન ભંભેરવાનું કાર્ય કર્યું... પણ રાજા કોઇની વાત સાંભળતા નહિ. એટલે બધા ઈર્ષ્યાળુઓ ભેગા થઇને પ્રધાનને નીચે કેવી રીતે પાડવો તેની યોજના ઘડે છે... ઈર્ષ્યાળુઓમાંથી એકે એવા પ્રશ્નો બનાવ્યા,

**(૧) છે ને છે (૨) નથી ને નથી (૩) નથી ને છે (૪) છે અને નથી.** આ પ્રશ્નોના જવાબોનો પોતાનામાં વિચાર વિમર્શ કર્યો. આનો અર્થ શું ? પણ કોઇને આ ૪ પ્રશ્નોના અર્થ સમજાયા નહિં એટલે રાજા પાસે પ્રશ્નો લઇને જવાનો વિચાર કર્યો કે રાજાના પ્રધાન બુદ્ધિશાળી છે ને તે બતાવશે, સમજાવશે.

બધા સાથે મળી રાજાની પાસે આવીને કહે છે, રાજન્ ! આ ચાર પ્રશ્નો અમને ક્યાંકથી મળ્યા છે. પણ એનો અર્થ શું ? તે અમને સમજાતું નથી. અમારે તો એનો અર્થ સમજવો છે. ને પ્રત્યક્ષ રીતે જોવું છે. પણ અમે આપને તો ન પૂછી શકીએ પણ આપના પ્રધાનજી ખૂબ બુદ્ધિશાળી છે. કેવા પણ આંટીઘૂંટીવાળા કોયડા સહેલાઇથી ઉકેલી શકે છે. તે અમારા આ ચાર કોયડા અમને પ્રત્યક્ષ કરીને બતાવે તેમ કરો.

ઈર્ષ્યાળુ મંત્રી અને અમલદારોએ મહારાજાને એવી મીઠાશથી વાત કરી કે રાજાના મગજમાં વાત ઉતરી ગઇ. ને વિચાર કર્યો કે વાત બરાબર છે. હું પ્રધાનને વાત કરીશ. બીજે દિવસે સભા ભરાઇ પ્રધાનજી

સભામાં આવ્યા. રાજાની બાજુમાં પોતાના આસને બેઠા પછી થોડીઘણી રાજકાર્યની ચર્ચા કરી ને ઇર્ષ્યાળુ કંપનીની વાત કહી...

પ્રધાનજી તમારે આ ચાર કોયડાને પ્રત્યક્ષ કરીને બતાવવાના છે. પ્રધાને કહ્યું 'સાહેબ કયાં કોયડા છે ?' એટલે રાજાએ કહ્યું, **'(૧) છે ને છે (૨) નથી ને નથી (૩) નથી ને છે (૪) છે અને નથી.** આ ચાર કોયડાનો અર્થ શું છે ? તે પ્રેકટીકલ કરીને મને પ્રત્યક્ષ બતાવો.

પ્રધાન અનુભવી હતો પણ તેણે આવું કદી સાંભળ્યું નહોતું એટલે વિચારમાં પડ્યો કે આનો અર્થ શું થશે ?. છતાં હિંમત રાખીને રાજન્ ને કહ્યું, સાહેબ ! આ કામ ને જરા વાર લાગશે.. એમને એમ કહેવું સહેલું છે પણ પ્રેકટીકલ બતાવવામાં સમય જોઇશે માટે મને છ મહિનાની મુદ્દત આપો.. રાજાએ કહ્યું છ મહિનાની મુદ્દત આપું છું પણ તારે આ કાર્ય કરી બતાવવું પડશે...

અને રાજાએ એ પણ કહ્યું, 'કે આ કોયડાનો જવાબ ઉકેલી ન શક્યા, પ્રેકટીકલ ન બતાવી શક્યા તો તમારા આખા કુટુંબને કેદમાં પૂરી દઇશ, તમારી જે કાંઇ ઘર-મિલ્કત છે તે જપ્ત કરી લઇશ.. આ તો રાજા વાજા ને વાંદરા રીઝે તો ગામ આપી દે અને ખીજે તો જીવ લઇ લે.

પ્રધાને કહ્યું ભલે સાહેબ ! હું બરાબર કરી બતાવીશ પ્રધાને હા તો પાડી દીધી પણ મનમાં મૂંઝવણ થવા લાગી કે આ શું ? રાજાનો નિર્ણય સાંભળી આવક્ બની ગયો. જવાબ તો આપી શકાય પણ પ્રેકટીકલ કેવી રીતે બતાવવું ? પ્રધાન આ કોયડાથી મૂંઝાઇ ગયો... દિવસ અને રાત આ કોયડાના ઉકેલ શોધવામાં લાગી ગયો... સમય ઉપર સમય વીતતો જાય છે. તેમ પ્રધાનની ઉદાસીનતા વધતી જાય છે. તે ખાય છે, પીએ છે, બોલે છે, સવારના રાજસભામાં જાય છે. સાંજે પાછો ઘેર ફરે છે. પણ આ બધા કાર્યો ઉદાસીનતા પૂર્વક કરી રહ્યો છે. એને ક્યાંય ચેન પડતું નથી. દિવસે દિવસે ચિંતા વધતી જાય છે.

પ્રધાનના મુખ ઉપર પડેલી ચિંતાઓની કરચલી બુદ્ધિશાળી વહુ સમજી જાય છે. એ વિચારે છે કે હમણાં કેટલાય દિવસથી જોઉં છું તો પિતાજી કંઇક ઉદાસ લાગી રહ્યા છે એનું કાર શું હશે ? શું ચિંતા એમને સતાવતી હશે ? હોંશિયાર વહુ સમજી જાય છે. પણ સસરાને પૂછાય શી રીતે ? વિચારો, 'એ સમયમાં કેટલી મર્યાદા હશે કે વહુ સસરાની સાથે બોલતા પણ નહિં.. વહુનો અવાજ પણ સસરા ન સાંભળી શકે. આજના સમયાં બધી મર્યાદાઓ ચાલી ગઇ છે...

પુત્ર વધુ ખૂબ ચતુર હતી. પોતે સસરાજીને પૂછવા ન ગઇ પણ સાસુમાની આગળ વાત કહી મા, તમે માનો કે ન માનો પણ પિતાજી હમણાં ઉદાસ લાગી રહ્યા છે. તેઓ કોઇ ઉપાધિમાં હોય એવું લાગી રહ્યું છે. ત્યારે સાસુ વહુ ને કહે છે બેટા ! તું નાની છે તને શું ખબર પડે ? તારા સસરા રાજાના પ્રધાન છે. રાજ્યમાં અનેક પ્રકારની ઉપાધિઓ આવ્યા કરે છે. એટલે કોઇવાર આવું થઇ જાય, એટલે તે ઉદાસ થઇ જાય...

વહુ એ કહ્યું, બા ! એવી કોઇ બાબતમાં આટલી ચિંતા ન થાય. એ તો એકાદ - બે દિવસ માટે હોય

આટલા દિવસ સુધી ન ચાલે સાસુ વહુ ને કહે છે, બેટા ! તું ખોટી ચિંતા ન કર, વહુ કહે છે પરણીને આવ્યાને એક વર્ષ થયું છે ત્યારથી જોઉં છું, પિતાજી બહારથી ઘરે આવતાં ત્યારે આનંદ કિલ્લોલ કરતાં, ઘર માટે કંઇ નવી વસ્તુ લઇ આવતા, ઘરમાં બધાંની સાથે વાતચીત કરતાં અને અત્યારે ઘરે આવે છે – જાય છે પિતાજી ચિંતાતુર ને ઉદાસ દેખાય છે.

સાસુજી વહુ ને કહે છે, આપણે રાજકાજમાં માથું ન મારવું જોઇએ... પણ વહુ માનતી નથી તે સાસુજીને કહી રહી છે તમે ભૂલ કરો છો... આ સમયમાં તો પતિની સાથે રહેવું જોઇએ... એમના સુખ દુઃખમાં ભાગીદાર બનવું જોઇએ. પતિ જ્યારે મુશ્કેલીમાં હોય તો તેમના મિત્ર બની તેમને સાથ આપવો જોઇએ. એમની ચિંતા –મૂંઝવણ આપણે દૂર કરવા પ્રયત્ન કરવા જોઇએ... માટે બા ! આપ પિતાજીને એકાંતમાં બેસાડી પૂછો તો ખરા, પણ સાસુજી ટસના મસ ન થયા. વહુની વાત ને લક્ષમાં ન લીધી....

પ્રધાનજીની ચિંતા દિવસે દિવસે વધવા લાગી ભૂખ ભાંગી ગઇ અને ઉંઘ ઉડી ગઇ. શું કરવું ? કેવી રીતે આનો ઉકેલ લાવવો ? ક્યાં જવું ? કોને કહું ? પણ ઘરમાં કોઇને કાંઇ કહેતા નથી. એમ કરતાં ચાર મહિનાનો સમય વીતી ગયો હવે માત્ર બે મહિનાનો સમય હાથમાં રહ્યો છે. પ્રધાનજીની મૂંઝવણ વધી રહી છે.

ફરીથી વહુ પોતાની સાસુને કહે છે, માતાજી ! આ મારા સસરાની સામે મારાથી જોવાતું નથી. એમનું શરીર લાશ જેવું થઇ ગયું છે. જે વડલાની છાયામાં બેસીને આપણે લીલા લહેર કરીએ છીએ તે વડલાના મૂળીયા અંદરથી સૂકાવા લાગ્યા છે. જો મૂળિયા તદ્દન સુકાઇ જશે તો આ ડાળી અને પાંદડા કોના આધારે લીલાછમ રહેશે ? જે સોનાના શિખર ઉપર આપણે બેઠાં છીએ, સુખ ભોગવી રહ્યા છીએ, એ શિખરનો સ્તંભ તૂટી જશે તો આપણું શું થશે ? આપણા જીવનના મૂળિયા સમાન આધાર સ્થંભ સમાન પિતાજી જ્યાં સુકાઇ રહ્યા છે ત્યાં આપણને ખાવું પીવું પણ કેમ ગમે ? મા ! મારી વિનંતી સાંભળો, તમે પિતાજીને પૂછો... પણ સાસુએ મુખ મચકોડી વહુને કહી દીધું, તમે જ તમારા સસરાજીને પૂછી લો,

વિવેકી વહુ ને લાગે છે કે, સાસુજી નહીં પૂછે, હવે હું જ પૂછી લઉં. બીજે દિવસે સાસું અને સસરાં જ્યાં બેઠા છે વહુ ત્યાં જાય છે... પુત્રવધુ નમ્રતા પૂર્વક સસરાને પૂછે છે, કે પિતાજી હું તમને એક વાત પૂછું? એની નમ્રતા ને બોલવાની મીઠાશ જોઇને સસરાજીએ વિચાર કર્યો કે, કોઇ દિવસ નહિ અને આજે મને પુત્રવધુ શું પૂછવા માંગે છે ? સસરાએ કહ્યું, હા બેટા, તમારે જે પૂછવું હોય તો મને ખુશીથી પૂછો, વહુએ કહ્યું, પિતાજી ! ક્ષમા કરજો, હું પુત્રવધુ થઇને આપને પૂછવા આવી છું કેવી નમ્રતા હશે ?

પિતાજી આજે ૪-૪ મહિનાથી આપ શાંતિથી જમતાં નથી. સુખે ઉંઘતા નથી, કોઇની સાથે વાતચીત કરતા નથી... આપ ઘરમાં આવો છો, રાજસભામાં જાઓ છો, પણ આપનું મન ઉદ્વિગ્ન રહ્યા કરે છે. મુખ ચિંતાતુર દેખાય છે, પહેલાં તો આપ પ્રેમથી આનંદથી બધાની સાથે બોલતા હતાં હમણાં આ બધું બંધ થઇ ગયું છે. તેની પાછળનું કારણ શું ?

પ્રધાને કહ્યું, બેટા ! તમે નાના છો. મારા મન ઉપર જે ચિંતા છે તેને કોઇ દૂર કરી શકે તેમ નથી આટલું બોલતાં પ્રધાનનું હૃદય ભરાઇ આવ્યું. પુત્રવધુ કહે છે, પિતાજી ! હું ભલે નાની છું પણ આપ મને આપની ચિંતાનું કારણ કહો તો ખરાં ત્યારે સસરાજી કહે છે વહુ બેટા સાંભળો આજે આપણે જે સુખના સાગરમાં સ્નાન કરી રહ્યા છીએ તે સાગર બે મહિના પછી સુકાઇ જવાનો છે. આજે આપણે જે મહેલમાં રહીએ છીએ તે છોડી જેલમાં વસવાનો પ્રસંગ આવશે...

પુત્ર વધુ સસરાજીને પૂછી રહી છે આની પાછળનું કારણ શું ? પ્રધાનજી કહે છે બેટા ! રાજાએ મને ચાર પ્રશ્નો પૂછ્યા છે. તેના જવાબ પ્રેક્ટીકલ કરીને બતાવવાનાં છે. મને આ પ્રશ્નોમાં કાંઇ સમજ પડતી નથી. રાજાએ છ મહિનાની મુદ્દત આપી છે. તેમાં ચાર મહિના તો પૂરા થઇ ગયાં હવે ફક્ત બે મહિના બાકી છે. પુત્રવધુએ કહ્યું, પિતાજી ! તમે ચિંતા ન કરો મને કહો પ્રશ્ન શું છે ?

જે ચાર પ્રશ્નો રાજાએ પૂછયા તે પ્રધાને પોતાની વહુને કહ્યા. (૧) છે ને છે (૨) નથી ને નથી (૩) નથી ને છે (૪) છે ને નથી આ ચાર પ્રશ્નોના જવાબ પ્રેક્ટીકલ કરીને બતાવવાના છે આ ચાર પ્રશ્નો સાંભળી વહુ સસરાજીને કહી રહી છે પિતાજી આમાં ચિંતા શા માટે કરો છો, આ તો અમારા જેવા નાના છોકરાઓનું કામ છે. ભલે પિતાજી ! ચિંતા નહિ કરતાં હું રાજાને પ્રેક્ટીકલ કરીને બતાવીશ.

મારા માતા-પિતાએ કરિયાવરમાં દાગીના અને કપડાં તો ઘણાં આપ્યા છે. ભેગાં ધર્મના સુસંસ્કારો પણ કરીયાવરમાં મળ્યાં છે. અમે નાના હતા ત્યારે અમારાં માતાપિતા અમને આવા પ્રશ્નો ખૂબ સમજાવતાં હતાં. એટલે મને ચિંતા નથી.

આ પુત્રવધુના માતાપિતા સંપત્તિવાન હતા ને સાથે ધાર્મિક હતા. એટલે જ સંતાનને સારા સંસ્કાર આપ્યા હતા. તારા સાસરે પ્રેમથી રહેજે, સાસુ સસરાનો વિનય કરજે. કદાચ કોઇ કાંઇ કહે તો સહન કરજે પણ સામું ન બોલતી, સાસુ-સસરા અને પતિના સુખમાં જેમ સહભાગી બને તેમ તેમનાં દુઃખમાં પણ તું સહભાગી બનજે.

**આવી શિખામણ જો આજની દિકરીને આપવામાં આવે તો ઘર ઘરમાં સોનાનો સૂરજ ઉગશે... ઘર સ્વર્ગ બની જશે...**

પ્રધાનને પુત્રવધુની ખૂબ ચિંતા હતી. બેટા ! તમે કેવી રીતે પ્રશ્નના જવાબ આપશો. પહેલાં આપણાં ઘરમાં જ પ્રેક્ટીકલ કરીને બતાવો.' તો મને શાંતિ થાય. વહુએ કહ્યું પિતાજી ! તમે બેફિકર રહો. હું પ્રેક્ટીકલથી જવાબ આપીશ.

વહુ ખૂબ હોંશિયાર હતી તેણેએ વિચાર્યું કે જો હમણાં બતાવી દઇશ તો એનું કંઇ મહત્વ નહિં રહે. જેમ જન્મથી જૈનો ને નવકાર મળ્યો તો એને એની કિંમત નથી. પણ અજૈનને કોઇ આ મંત્રનો પ્રભાવ બતાવે તો એને એ મહાન લાગશે. એના ઉપર અથાગ શ્રદ્ધા થશે...

પ્રધાનની પુત્રવધુએ કહ્યું બાપુજી ! તમે ચિંતા ન કરશો. હું તમને રાજસભામાં બતાવીશ. હમણાં

નહિ બતાવી શકું. પણ આપ મને થોડા દિવસની પિયર જવાની રજા આપો. હું આઠ દિવસમાં પાછી આવી થઇશે. સાસુ-સસરાએ વહુને પિયર જવાની રજા આપી.

પુત્ર વધુ સાસરેથી પિયરે આવી. દિકરીને અચાનક આવતાં જોઇ એટલે માતા-પિતાએ પૂછયું. બેટા અચાનક કેમ આવવાનું થયું ? દિકરીએ બધી ઘટના કહી સંભળાવી. અને જો તે ચાર પ્રશ્નનો જવાબ પ્રેકટીલ નહિં બતાવે તો પૂરા પરિવારને ભયંકર શિક્ષા થશે. આખા કુંટુબને જેલમાં જવું પડશે. પુત્રવધુના પિતાજીની નગરીમાં ખૂબ પ્રતિષ્ઠા હતી. સામાજિક ધાર્મિક ક્ષેત્રમાં ઘણાં આગેવાન હતા. એમની વાત નગરના રાજા પણ માન્ય કરતા. એવા એ પવિત્ર અને સજ્જન પુરુષ હતા. દિકરી પિતાને કહે છે, આપની કૃપાથી હું જવાબ સારી રીતે આપી શકીશ. પણ એ માટે આપના સહકારની જરૂર પડશે... પિતા-પુત્રીએ આ જ પ્રશ્નોના પ્રેકટીકલ જવાબો તૈયાર કરી લીધા.

આઠ દિવસ પિયર રહીને પુત્રવધુ સાસરે આવી ગઇ. સસરાને કહ્યું પિતાજી મારે ૪ કબાટ જોઇએ છે ! તમે કબાટનું શું કરશો ? પિતાજી પ્રેકટીકલ બતાવવા મારે એની જરૂર પડશે. પ્રધાને પુત્રવધુના કહ્યા મુજબ પાછળના ભાગમાં હવા આવવાં માટે ઝીણાં ઝીણાં કાણાં કરાવી કબાટ તૈયાર કરાવ્યા.

પ્રધાનજીએ રાજાને જઇને વાત કહી કે આવતી કાલે સભામાં ૪ પ્રશ્નોના જવાબ આપવામાં આવશે. રાજસભામાં આગલા દિવસે રાતનાં ચાર કબાટ ગોઠવી દેવામાં આવ્યા. વહુએ પોતાના પિતાજીને પણ બોલાવી લીધા. સસરાજીથી આ બધી વાત ગુપ્ત હતી. ગુપ્ત રીતે ૪ કબાટમાં જે કંઇ કરવાનું હતું તે કરી લીધું.

રાજાએ આગલા દિવસે આખા નગરમાં ઢંઢેરો પીટાવ્યો. પ્રધાનજી મારા ચાર પ્રશ્નોના જવાબ સભા વચ્ચે પ્રેકટીકલ કરીને આપવાના છે. નગરજનો પણ આશ્ચર્યમાં જ હતા. કે શું હશે ચાર પ્રશ્નોના જવાબ? ''તમાશાને તેડું ન હોય'' બીજા દિવસે નગરજનો ઉમટી પડ્યા. આખી રાજસભા ઠઠ ભરાઇ ગઇ. સૌ આતુરતાથી જોવા માટે બેઠા હતા.

સમય થયો એટલે રાજસભામાં રાજા આવ્યા- પ્રધાન આવ્યા રાજાએ કહ્યું, પ્રધાનજી ! મારા પ્રશ્નોના જવાબ આપો. જ્યાં મહારાજાએ પ્રધાનને કહ્યું જવાબ આપવા ત્યાં તો પ્રધાનની પુત્રવધુ ઉભી થઇ ગઇ, ને કહ્યું હે મારા માતા-પિતા તુલ્ય મહારાજા ! આ પ્રશ્ન તો મારા સસરાજી માટે સાવ સામાન્ય છે. પણ મારી એવી ઇચ્છા છે કે, હું જવાબ આપું, મને આવા પ્રશ્નોના જવાબ આપવાનો ઘણો શોખ છે. માટે મને જવાબ આપવા દો. મારી કઇ ભૂલ થશે તો મારા સસરાજી સુધારી લેશે. રાજાએ કહ્યું ભલે તમે જવાબ આપો. બેઠેલા લોકોને અધીરાઇ આવી છે કે આ પ્રશ્નોના જવાબ શું હશે ? ''આશ્ચર્યપૂર્વક સૌની દૃષ્ટિ પુત્રવધુ ઉપર છે. બરાબર મધ્યમાં આ ૪ કબાટ મૂકાવ્યા છે. તેમાં શું કરામત હશે ?

ચતુર પુત્રવધુએ કબાટ ઉપર લોક લગાવ્યા હતા. પહેલાં કબાટ ઉપર ''છે ને છે'' નું બોર્ડ હતું.

બધા આ કબાટની સામે જોઇ રહ્યા છે. આમાં શું ભર્યું હશે ? ત્યાં તો પુત્રવધુએ પહેલા કબાટનું બારણું ખોલ્યું. તે તેમાંથી સારા વસ્ત્રાલંકારોથી સજ્જ થયેલો એક પુરુષ બહાર નીકળ્યો. પુત્રવધુએ મહારાજાને કહ્યું સાહેબ ! આપ આમને પૂછો કે 'તે જન્મ લઇને કદી દુઃખ જોયું છે ? તમને 'છે ને છે' નો જવાબ પ્રેક્ટીકલ મળી જશે. એટલે રાજાએ તે પુરુષને પૂછયું, કેવી રીતે ? કહો !

રાજાએ પૂછયું, એટલે તે પુરુષે કહ્યું, તે પુરુષ પ્રધાનના પુત્રવધુના પિતા હતા. એમણે કહ્યું, આ ભવમાં જન્મ લઇને આજ સુધી દુઃખ શું છે એ મેં જોયું જ નથી. રાજાએ પૂછયું કેવી રીતે ? ત્યારે પુત્રવધુએ કહ્યું, 'પૂર્વભવમાં ખૂબ દાન-પુણ્ય કર્યા છે, સાધુ-સંતોને દાન આપ્યું છે. સાધર્મિકોની સેવા કરી છે. એટલે આ ભવમાં સુખી છે. ખાવાનું, પીવાનું, સંપત્તિ, રિદ્ધિ-સિદ્ધિ બધુ મળ્યું છે. આ બધુ મળ્યાં છતાં આ ભવમાં પણ એવાં જ દાનના સત્કાર્યો કરી રહ્યા છે. પોતાની પુણ્યની ઝોળીને મજબૂત કરી રહ્યા છે. એટલે આવતાં ભવમાં પણ બધુ આવું જ અનુકૂળ મળવાનું છે. માટે '' છે અને છે'' આ પ્રેક્ટીકલ જવાબ છે.

આ જવાબ સાંભળી પ્રજા અને રાજાને ખૂબ સંતોષ થયો. હવે બધાની ઉત્સુકતા વધી રહી છે. બીજા કબાટમાંથી શું નીકળશે ?

બીજો પ્રશ્ન હતો 'નથી ને નથી' બીજા કબાટ ઉપર બોર્ડ લગાડ્યું હતું 'નથી ને નથી' પુત્રવધુએ કબાટ ખોલ્યું તેમાંથી હાથમાં માટીનું પાત્ર લઇ ફાટેલા તૂટેલા કપડાવાળો, વીખરાયેલા વાળવાળો એક ભિખારી નીકળ્યો રાજા પાસે જઇને કહે છે મને કાંઇ ખાવા આપો ઓ માઇ હું ભૂખ્યો છું. ભિખારી ખાવા માટે કરગરી રહ્યો છે. ત્યાં પુત્રવધુએ રાજાને કહ્યું, સાહેબ ! ''આને પૂછો કે તે તારી જિંદગીમાં ક્યારે સુખ જોયું છે?''

રાજાએ પૂછયું એટલે ભિખારીએ ઉત્તર આપતાં કહ્યું, 'મેં ક્યારેય સુખ જોયું નથી, જબ્બર પાપકર્મના ઉદયે સ્વપ્નમાં પણ સુખના દર્શન કર્યા નથી. આટલી ઉંમર વીતી ગઇ માંગી માંગીને ખાઉં છું. ત્યારે પુત્રવધુએ કહ્યું, રાજન્ ! પૂર્વભવમાં દાન-પુણ્ય કર્યું નથી તેથી આ ભવમાં કાંઇ મળ્યું નથી. આ ભવમાં કશું ન હોવાના કારણે દાન-પુણ્ય કરી શકતો નથી. તેથી આવતાં ભવમાં પણ મળવાનું નથી. માટે ''નથી ને નથી''આ પ્રેક્ટીકલ જવાબ છે.

હવે ત્રીજા પ્રશ્નનો જવાબ સાંભળવા બધા અધીરા બન્યા છે. બે પ્રશ્નોના જવાબ તો બરાબર બતાવ્યા. હવે ત્રીજાનો ઉકેલ કેવી રીતે બતાવશે ?

ત્રીજા કબાટ ઉપર '' નથી ને છે'' નું બોર્ડ લગાવ્યું છે. પ્રજા અધીરી થઇને બેઠી છે. એટલામાં પુત્રવધુએ કબાટ ખોલ્યું તેમાંથી એક સંન્યાસી બહાર નીકળ્યા. તેમણે કંચન અને કામિનીનો ત્યાગ કર્યો હતો. જાતે ભિક્ષા માંગી ને પોતાનું જીવન આરાધનામાં પસાર કરતા હતાં. આવા પવિત્ર સંત હતા. ત્યાં પુત્રવધુએ રાજાને કહ્યું, રાજન્ ! આમને પૂછો કે તમારી પાસે કંઇ છે ?''

સંતે જવાબ આપ્યો કે મહારાજા અમે તો ફકીર કહેવાઇએ અમને પૈસા ન ખપે, રહેવા ઘાસની કુટીર, પહેરવા બે જોડી કપડાં રાખું છું. બીજું મારી પાસે કંઇ નથી છતાં હું સુખી છું. પુત્રવધુ રાજન્ ને કહી રહ્યા છે. આ સંત પાસે હમણાં કાંઇ નથી સંપત્તિનો આ ભવમાં ત્યાગ કર્યો છે તો આવતા ભવમાં ઘણું મળવાનું છે. એટલે ''નથી ને છે'' આ પ્રેકટીકલ જવાબ છે.

ચોથા કબાટ પર સૌ નજર માંડી બેઠા છે તેના ઉપર ''છે ને નથી'' નો બોર્ડ લખ્યું છે.પુત્રવધુએ જ્યાં ચોથો કબાટ ખોલ્યો ત્યાં અંદરથી સારાં વસ્ત્રાભૂષણો પહેરેલો એક શ્રીમંત માણસ નીકળ્યો. પુત્રવધુએ કહ્યુ, રાજન્ ! આને તમે પૂછો કે તારી પાસે ધન કેટલું છે ? દાન-પુણ્યના કેટલા કાર્યો કર્યા છે? કોઇને જીવનમાં મદદરૂપ બન્યા છો ? શ્રીમંત કહી રહ્યો છે ''પારી પાસે કરોડોની સંપત્તિ છે પણ કોણ જાણે હું વાપરી શકતો નથી.

પ્રધાનની પૂત્રવધુએ કહ્યું, રાજન્ ! ઘણું ધન હોવા છતાં સત્કાર્યો કરતો નથી. પોતે પણ ભોગવી શકતો નથી. પરભવનું ભાથું બાંધી શકતો નથી. તો એને શું મળશે? પુત્રવધુએ કહ્યું રાજન્ ! આ છે '' છે ને નથી'' નો પ્રેકટીકલ જવાબ મમ્મણ શેઠ... જે સંપત્તિ શ્રેણિક રાજા પાસે નથી તે મમ્મણ શેઠ પાસે છે પણ આ ભવમાં ન ખાધું ન ખાવા દીધું...મરીને સાતમી નરકમાં પહોંચી ગયો આ ભવમાં ઘણું હતું પણ પરભવમાં કાંઇ ન મળ્યું.

આ ચાર પ્રશ્નોના પ્રેકટીકલ  જવાબ મળવાથી રાજા તો ખુશખુશાલ થઇ ગયા... ખુશ થઇને પુત્રવધૂને નવસેરો કિંમતી રત્નોનો હાર ભેંટ કર્યો અને કહ્યું, બેટા આજથી તું મારી પુત્રી છે. આજે તે મારી આંખ ખોલી છે...

આ જવાબ સાંભળી આખી નગરીની સભા દંગ રહી ગઇ. ઘરઘરમાં પ્રધાનની પુત્રવધૂની પ્રશંસા થવા લાગી. વહુ નાની છે પણ એની બુદ્ધિ મોટી છે. પણ ઇર્ષ્યાળું કંપનીને પ્રધાનનું કાસળ કાઢવું હતું પણ અહીં તો પ્રધાનનું માન ઘણું વધી ગયું.. આવી રીતે ૪ કબાટ ગોઠવી પ્રેકટીકલ જવાબ આપવા તે કાંઇ નાની સૂની વાત ન હતી.

પુત્રવધૂની આ કેવી હોંશિયારી ? પોતાના સસરાની ઇજ્જતને વધારી, રાજ્યમાં તેનો માન-સન્માન વધાર્યો... પ્રધાન પણ મુક્ત કંઠે પુત્રવધૂની પ્રશંસા કરે છે.

જો આવા સંસ્કારો દિકરીને કરિયાવરમાં આપવામાં આવે તો ઘરઘરમાં દિવાળી પ્રગટશે... હોળી નહિં સળગે... ઘર સ્વર્ગ બનશે...

# વૈરાગ્ય શતક

હવે વૈરાગ્ય શતકના સ્વાધ્યાયમાં આગળ વધીએ...

**जं कल्ले कायव्वं तं अज्जं चिय करेह नुरमाणा,**

**बहुविग्घो हु मुहूतो, मा अवरण्हं पडिक्खेह... ।।३।।**

**ગાથાર્થ :** જે શુભ કાર્ય કાલે કરવાનું છે તે આજે જ કરો... કારણ મુહૂર્ત એટલે જ કાળ ઘણા વિઘ્નોથી ભરેલો છે માટે કોઇ પણ કાર્યને પાછલા પહોર એટલે જ કે સાંજ ઉપર ન મૂકો...

**વિવેચન :** આપણે જાણ્યું કે આ ગ્રંથની બધી ગાથા એક-બીજા સાથે સંકળાયેલી છે.. ગ્રંથકાર ગાથાથી ઉત્તરોત્તર આપણને એક એક વાતની સમજણ આપે છે... પહેલા સમજાવ્યું કે આ સંસાર અસાર છે... માટે સંસારના પાયારૂપ સંબંધ સંપત્તિ અને સત્તા પણ અસાર છે... પછી જણાવ્યું કે આ સંપત્તિ પાછળ સમય બગાડી આપણે આપણું શું નુકસાન કરી રહ્યા છીએ... હવે આગળ વધતા ત્રીજી ગાથા આપણી દૃષ્ટિને હજી સ્પષ્ટ કરતા કહે છે કે સમય કેવો છે, એ સમયનો ઉપયોગ જાતના કલ્યાણ માટે કેવી રીત કરવો જોઇએ... તો ચાલો આપણે એમની વાત સમજવાનો પ્રયત્ન કરીએ અને આપણું આત્મકલ્યાણ સાથી લઇએ...

સમય કેવો છે એ જણાવતા ગ્રંથકાર કહે છે કે સમય-કાળ-મુહૂર્ત ઘણા વિઘ્નોથી ભરેલો છે... એ વાતને સમજીએ બનેલી એક સત્ય ઘટનાથી.... એક છોકરો C.A. ની ડગ્રી માટેની તૈયારી કરી રહ્યો હતો... આ ૨ ૬ વર્ષના યુવાને ક્યારેય પરિવારના સદસ્યો સાથે બેસી વાતો કરી નહી, ક્યારેય મિત્રો ન બનાવ્યા... એનું બધુ લક્ષ્ય ફક્ત એ ડિગ્રી મેળવવા પાછળ હતું... એણે વિચાર્યું હતું કે જે પણ કરવું હશે એ C.A. ની ડિગ્રી મળ્યા પછી કરીશ... અને એને એ C.A. ની ડિગ્રી મળી પણ... એ ડિગ્રી લઇને એ ઘરે જઇ જ રહ્યો હતો ને રસ્તામાં એનો અકસ્માત થઇ ગયો. એ અકસ્માતમાં એના પ્રાણ પંખેરૂ ઉડી ગયા... શું સમજ્યા આપણે આ ઘટનાથી...? છે કોઇ સમયનો ભરોસો...? આપણે હંમેશા વિચારી કે અત્યારે કેરિયર પર ફોક્સ કરશું. નિવૃત્તિ પછી ધર્મકાર્ય કરશું... જો આ કાળ એટલો અનિશ્ચિત હોય, એટલા વિઘ્નોથી ભરેલો હોય તો આ કાળ ઉપર ક્યા આધારે ભરોસો કરવાનો... અરે એ યુવાને વ્યવહારિક સંબંધોની ઉપેક્ષા કરી આપણે તો અહીં આત્માની વાત ચાલે છે... એના કલ્યાણમાં વિલંબ નહીં જ ચાલે.. કારણ વ્યવહારિક સંબંધો ન સાચવ્યા, કેરિયર પર ફોક્સ ન કર્યું તો એક ભવ બગડશે. પણ જો આત્મ કલ્યાણ ન સાચવ્યું તો ભવોભવ બગડશે... માટે વિચાર કરો જો વિલંબ કરવાથી એટલું મોટુ

નુકસાન થતું હોય તો વિલંબ કરવું વ્યાજબી છે...? બોર્ડની પરીક્ષાનો સમય ૧૧ વાગ્યાનો હોય તો ક્યારે પહોંચીએ ત્યાં...? ૯-૩૦ થી પહોંચી જઇએ બરાબર... કે ત્યાં વિચારે, આજે પિક્ચર જોવાનું મન છે... પરીક્ષા પછી આપી દેશું... એવું જે બોલે એની ગણતરી લોકો મૂર્ખામાજ કરે... અજ્ઞાનીઓની દૃષ્ટિએ આપણે પણ મૂર્ખા જ છીએ... આપણે પણ બધુ ભવિષ્ય ઉપર નાખી દઇએ... આપણી માન્યતા અને ગ્રંથકારની માન્યતા એકદમ જુદી છે... આપણે ધર્મકાર્ય ભવિષ્યમાં કરવાનું વિચારીએ જ્યારે ગ્રંથકારતો કહે છે કે જે શુભકાર્ય કાલે કરવાના હોય એ આજે જ કરો... અરે એ તો શુભ કાર્યને સાંજ ઉપર મૂકવાની પણ ના પાડે છે...

શુભ કાર્ય માટે કહેલું છે કે મનમાં વિચાર આવે એટલે તરત આચરી લેવાનું... અને અશુભ કાર્ય માટે કહેલું છે કે અશુભ કાર્ય કરવાનો મન થાય તો એને જેટલું થાય એટલું ટાળવાનું.... કેમ આવું કહ્યું...? જ્ઞાની ભગવંતો જાણાવે છે કે આપણું મન ઘણું ચંચળ છે... અસ્થિર છે... આપણા ભાવો બદલાતા રહે છે... માટે જો શુભ કાર્ય કરવામાં વિલંબ કરીએ અને મન બદલાઇ જાય તો શુભ કાર્ય કરવાનું રહી જાય છે... એમજ જો અશુભ કાર્ય કરતી વખતે જો વિલંબ કરીએ તો એવી શક્યતા છે કે આપણને એ અશુભ કાર્ય કરવાનું મન જ ન થાય... માટે શુભકાર્ય માટેની ઝડપ અને અશુભકાર્ય માટેનો વિલંબ આત્મા માટે ફલદાઇ છે...

શુભ કાર્યમાં વિલંબ ન કરવો જોઇએ એ જો શીખવું હોય તો જમ્બુકુમારથી ઉત્તમ કોઇ પાત્ર નથી સમજાવનાર... સુધર્માસ્વામીની દેશના સાંભળી તરત વૈરાગ્ય આવ્યો... સુધર્માસ્વામીને જણાવ્યું કે ''હૂં આવું છું દિક્ષા માટે માતા-પિતાની આજ્ઞા લઇ''.... એમ કહી ઘર તરફ જવા નિકળ્યા... માર્ગમાં તોપનો ગોળો એકદમ નજીકથી પસાર થતાં માંડ માંડ બચી ગયા... શુભ કાર્યમાં વિલંબ ન કરવો જોઇએ કારણ જીવન ક્ષણભંગુર છે એમ વિચારી સુધર્માસ્વામીની પાસે આવી બ્રહ્મચર્ય વ્રતના પચ્ચક્ખાણ લઇને પછી ઘરે ગયા... બ્રહ્મચર્યાના પચ્ચક્ખાણ લીધા, તેનાથી પહેલા જમ્બૂકુમારનું ૮ કન્યાઓ સાથે સગપણ થઇ ગયું હતું... જો દેશના સાંભળી તરત એને અમલમાં ન લાવ્યું હોત તો એમાં શુભ કાર્ય ન કરવાની શક્યતા આવી જાત... એ મહાપુરુષે તો જાણી લીધું કે સમય ઘણા વિઘ્નોથી ભરેલો છે... માટે શુભ કાર્ય માટેનો વિલંબ આત્માને મોક્ષસુખથી દૂર -દૂર ફેકી શકે છે... એટલે જ વિલંબ ન કરતા પોતાનું આત્મકલ્યાણ સાધી લીધું....

અશુભ કાર્ય માટેનો વિલંબ આપણા માટે લાભદાઇ છે... કેવી રીતે ? જાણીએ વંકચૂલના દૃષ્ટાંતથી વંકચૂલે સાધૂ મહાત્મા પાસેથી નિયમ લીધો હતો કે ''જ્યારે પણ કોઇને મારવા જઇશ તો ચાર ડગલા પાછળ જવું''... પોતાની સ્ત્રીને પરપુરુષ સાથે જોઇ ગુસ્સેથી એને મારવા ગયો... તરત સાધુ ભગવંતના વચનો યાદ આવ્યા અને ચાર ડગલા પાછળ ગયો તો પાછળ તલવારને ધક્કો લાગ્યો... એ

આવાજથી પત્ની જાગી ગઇ... એના સાથે પરપુરુષ હતો એ વાસ્તવમાં પુરુષ નહી પણ પુરુષના વેશમાં સ્ત્રી જ  હતી... ચાર ડગલા પાછળ જવા માત્રના વિલંબના લીધે બે જીવોને મારવાના પાપથી વંકચૂલ બચી ગયો... અશુભ કાર્યમાં વિલંબ કરિએ તો ક્યારેક કોઇ નિમિત્ત મળી જાય અને ક્યારેક અશુભ કાર્ય કરવા માટે મન બદલાઇ જાય... અને જો કોઇ સારું નિમિત્ત અથવા મનપરિવર્તન સંભવતું હોય તો વિલંબ કરવું જ યોગ્ય છે...

આપણે પૂર્ણતયા વિપરિત કરીએ... આપણે શુભ કાર્યમાં વિલંબ કરીએ અને અશુભ કાર્યમાં ઝડપ... અને આવા વર્તનના કારણે જ આપણો આત્મા સંસારચક્રમાં પડેલો છે...''

પર્યુષણમાં છોકરાઓની પરિક્ષા આવે તો એમને વ્યાખ્યાન પ્રતિક્રમણાદિને છોડાવી પરીક્ષાને પહેલી પસંદગી આપવાનું કહીએ... કારણ ભવોભવથી ખોટી માન્યતાઓના શિકાર બન્યા છીએ કે ધર્મધ્યાનાદિ વૃદ્ધાવસ્થામાં કરવાનું... પણ આપણે ત્યાં સુધી પહોચશું એની શું ખાતરી...? માટે જ ગ્રંથકાર જણાવી રહ્યા છે કે શુભ કાર્યમાં વિલંબ ન કરવો જોઇએ...

આપણી ભૂલ કયાં થાય છે તો કહેવું છે કે આપણી દ્દષ્ટી જ ગલત જગ્યાએ છે... આપણે શરીર ઉપર એના અનુકુળતા ઉપર ધ્યાન આપીએ છીએ જ્યારે જ્ઞાની ભગવંતો આત્મા ઉપર ધ્યાન આપવાનું જણાવે છે... શરીરની અનુકુળતા માટેના કોઇપણ કાર્યમાં આપણે વિલંબ નથી કરતા... કારણ શરીર ઉપર જ દૃષ્ટિ છે... આત્મા ઉપર દૃષ્ટિ ન હોવાના કારણે આત્મા માટેના બધા કાર્યો આપણે વિલંબથી કરીએ છીએ... શરીરને હમેશાં આત્માથી ઉપર રાખીએ છીએ... માટે જ પરીક્ષા કેરિયર સંબંધો ઇત્યાદિકને હમેશાં પ્રતિક્રમણ, પૂજા, ધર્મ, તપ ઇત્યાદિકથી પહેલા પસંદ કરીએ... જો દૃષ્ટિ બદલશે તો આપણું કામ સહેલું થઇ જશે...

આ ત્રીજી ગાથામાં ગ્રંથકાર એજ કહેવાનો પ્રયત્ન કરે છે કે... રે જીવ ! શુભ કાર્યમાં વિલંબ ના કર... તું પોતે જાણે છે કે સમય-મુહૂર્ત -કાળ કેટલા વિઘ્નોથી ભરેલો છે... તારો મિનિટનો વિલંબ પણ તારો અનંત સંસાર વધારી નાખશે.. ૭ ભવ જેટલું આયુષ્ય ખુટવાથી જો ૩૩ સાગરોપમ જેટલું સંસાર વધે છે તો વિચાર કરી લે... તારે વિલંબ કરવો છે કે ઝડપ રાખવી છે... વિલંબ આદરી સંસારમાં રહી દુઃખી-દુઃખી થવું છે કે ઝડપ રાખી મોક્ષમાં જઇ સુખી-સુખી થવું છે....

**નિષ્કર્ષ : – સમય છે ઘણા વિઘ્ને ભરેલું જીવ એને જાણ તું,**
**પળ પળ ઘણી અમૂલ્ય છે એ વાતને અંગીકાર તું,**
**શુભ કાર્યમાં ઝડપ કરીને ધર્મધ્યાન આરાધ તું,**
**વિલંબ સારો અશુભ કાર્યમાં એ વાતને રે સમજ તું.**

ही संसार –सहावं, चरियं नेहाणुराग–रत्तावि,

जे पुव्वण्हे दिट्ठा, ते अवरण्हे न दीसंति...।।४।।

**ગાથાર્થ** –આ સંસારનો સ્વભાવ કે ચરિત્ર કેવો છે તો સ્નેહ અને અનુરાગથી ભરેલો છે... જે સવારના દેખાય છે તે પાછળ પહોરે એટલે સાંજે દેખાતું નથી...

**વિવેચન** : સંસાર કેવો છે એનો સામાન્ય અર્થ પહેલી ગાથામાં ગ્રંથકારે આપ્યો છે કે આ અસાર સંસાર દુઃખથી ભરેલો છે.. આગળ વધતા આ ચોથી ગાથામાં હજી વિસ્તારમાં આ સંસારનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે... જો સામાન્ય અર્થ જાણી વૈરાગ્ય ન આવે તો વિશેષ અર્થ સમજી આવશે એ દૃષ્ટિથી ગ્રંથકારે આ ગાથા રચી કેવો પરમ ઉપકાર આપણા ઉપર કર્યો છે... હવે આપણી ફરજ છે કે આ ગાથાઓ તથા એના અર્થ વિષે ચિંતન–મનન કરી વહેલી તકે આ સંસાર ઉપર વૈરાગ્ય આવે એવો પ્રયત્ન કરીએ... તો ચાલો ! આ વિશેષ અર્થના આધારે આપણા વૈરાગ્ય ભાવની પુષ્ટી કરવાનો ભારોભાર પ્રયત્ન કરીએ...

**સંસારનું સ્વરૂપ જાણીએ નવી દૃષ્ટિએ -**

સંસાર છે ત્યાં રાગ છે જ.

તેથી રાગ (સ્નેહ - અનુરાગ) = સંસાર.

જ્યાં રાગ હોય ત્યાં અપેક્ષા છે જ

તેથી અપેક્ષા (પોતાની અનુકુળતાની ) = સંસાર.

જ્યાં પોતાની અનુકુળતાને સાચવવા જઇએ ત્યાં અપ્રત્યક્ષ રીતે અન્યની પ્રતિકુળતા સેવાય છે... અન્યના પ્રતિકુળતાની અપેક્ષા / ઇચ્છા પણ આવી જાય છે.

અપેક્ષા (પોતાની અનુકુળતા + અન્યની પ્રતિકુળતા) = સંસાર.

જ્યાં અપેક્ષા હોય ત્યાં અપેક્ષાપૂર્તિની અદમ્ય ઇચ્છા હોય... અને અધિકાંશ પરિસ્થિતિઓનાં આપણી ઇચ્છા, અપેક્ષા પૂરી થતી નથી... અને માટે દ્વેષ આવે છે..

દ્વેષ = સંસાર.

જ્યાં દ્વેષ છે ત્યાં દુઃખ છે જ.

દુઃખ = સંસાર.

**ચાલો વિસ્તારમાં જાણવાનો પ્રયત્ન કરીએ સ્નેહ -અનુરાગથી દુઃખની સફર-**

સંસાર છે ત્યાં રાગ છે... પણ રાગ એટલે શું...? સામાન્ય શબ્દોમાં સમજીએ તો રાગ એટલે

''ગમવું'... આપણને જે પણ ગમે એ બધાનો સમાવેશ રાગમાં આવી જશે... પછી કોઇ વ્યક્તિ ગમે, વસ્તુ ગમે, અનુકુળતા ગમે, જે પણ ગમે એ બધા ઉપર રાગ છે એમ કહેવાશે... આ સંસારનો પાયો **સં**બંધ,**સં**પત્તિ અને **સ**ત્તા છે... અને આ ત્રણે '**સ**' ના ઉપર જીવને ગાઢ, મધ્યમ અથવા મંદ રાગ હોય છે... કારણ જે જીવ ને રાગ હોય તેને જ સંસારી કહેવાય છે... રાગ વિના સંસાર સંભવતો જ નથી.... સંસારનો પાયો સંબંધ છે... તથા સંબંધોનો પાયો રાગ છે... એવો એક પણ સંબંધ નથી કે જે રાગ / લાગણી/ સ્નેહ –અનુરાગ વગર ટકેલો હોય... વળી સંપત્તિ અને સત્તા ઉપર પણ જીવને રાગ હોય છે માટે એને કેળવવા જીવ સતત પ્રયત્નશીલ હોય છે... માટે જ કહેવાય છે કે સંસાર છે ત્યાં રાગ છે જ....!

આગળ વધતા કહેલું છે કે રાગ છે ત્યાં અપેક્ષા છે... અપેક્ષા એટલે પોતાની મન, વચન, અથવા કાયની અનુકુળતાની ઇચ્છા... એટલે શું...? આપણે જે સંબંધો સાચવીયે જેના સાથે સાચવીયે એમના પાસેથી અનુકુળતાની અપેક્ષા આવી જાય.. દાખલા તરીકે... જો હું મારા ભાઇને ગમે તેવી રીતે વર્તુ છું... તો મારા ભાઇને પણ મને ગમે તેવી રીતે વર્તવું જોઇએ... મને ગમે એવી રીતે બોલવું જોઇએ... ઇત્યાદિ અપેક્ષાઓ સંબંધોથી આવી જાય છે. સંપત્તિ અને સત્તાથી તો આપણને એક પક્ષીય રાગ છે... જો આપણા પૈસા ચોરાઇ જાય, ખોવાઇ જાય અથવા ખરાબ થઇ જાય તો આપણને કેટલું દુઃખ થાય... પણ જો આપણને કઇ થાય તો પૈસાને દુઃખ થાય ખરૂં...? જ્યાં પુરુષાર્થ એક જ બાજુથી હોય એને એક પક્ષીય સંબંધ કહેવાય છે... તો પણ આપણે સંપત્તિ અને સત્તા ઉપર રાખીએ છીએ જેને આપણી કોઇ ચિંતા નથી... પૈસા/સંપત્તિ થી કોઇ પણ વસ્તુ ખરીદી શકાશે એ વિચારથી એના ઉપર રાગ છે તથા સંપત્તિને મારા મોભાને જાળવવું જોઇએ. મને જોઇએ ત્યારે મારા મદદમાં ઉપલબ્ધ રહેવી જોઇએ એવી અપેક્ષાઓ આપણને હોય છે... અહીં અપેક્ષા પાછળ ભાવ પોતાની અનુકુળતાનો જ હોય છે... કોઇ પણ રીતે મારી અનુકુળતા સાચવવી જોઇએ એ ભાવથી અપેક્ષા રાખે છે... માટે જ કહેવાય છે જ્યાં રાગ છે ત્યાં પોતાની અનુકુળતાની અપેક્ષા હોય છે...!!!

હવે જ્યાં પોતાની અનુકુળતા સાચવવા જઇએ ત્યાં બીજા ઉપર પ્રતિકુળતાના ભાવો આવી જાય છે... દા.ત. જો માતાને પુત્ર ઉપર તીવ્ર રાગ છે તો એ પુત્રની બધી ભૂલોની ઉપેક્ષા કરશે... પછી જો એનાથી બીજાને નુકસાન થાય તો થાય... પુત્રને ખુશ જોઇ જો માતાને અનુકુળતા અનુભવાય છે તો એ પુત્રને રાજી રાખવા ઘણા એવા વર્તનો કરશે કે તેનાથી કદાચિત બીજાને પ્રતિકુળતા થઇ જાય... અહિ મનથી કોઇ ઇચ્છા નથી બીજાને દુઃખી કરવાની પણ અપ્રત્યક્ષ રીતે પ્રતિકુળતા થઇ જાય છે... માટે જ કહેલું છે કે પોતાની અનુકુળતાની સાથે અપ્રત્યક્ષ રીતે બીજાની પ્રતિકુળતાની ઇચ્છા આવી જાય છે...

હવે અપેક્ષા છે ત્યાં દ્વેષ છે... એ કેવી રીતે ઘટે...? અપેક્ષા રાખીએ એટલે મનોમનમાં અપેક્ષાપૂર્તિની અદૃશ્ય ઇચ્છા પડેલી હોય છે... આપણે જાતે ચકાસણી કરી શકીએ કે અધિકાંશ

પરિસ્થિઓમાં આપણી ઇચ્છા પૂર્ણ નથી થતી... સંબંધો, સંપત્તિ અને સત્તા પાસેથી કેટલી અપેક્ષાઓ પૂર્ણ થઇ છે આપણી...? જો સરવાળો કાઢશું તો ખબર પડશે કે ૭૦૦ અપેક્ષાઓ રાખીએ ત્યાં એકાદ બે અપેક્ષાઓ પૂર્ણ થાય... બાકીની નહીં... અને અપેક્ષા પૂર્ણ ન થાય તો કેવો દ્વેષ આવે ....? કોઇ વ્યક્તિને દિલથી પ્રેમ આપિએ પણ જો સામે પ્રેમ ન મળે તો એ વ્યક્તિ ઉપર કેટલો ગુસ્સો આવે...? એવી જ રીતે સંપત્તિ અને સત્તા માટે સમજવો... માટે જ શાસ્ત્રકાર ભગવંત કહે છે કે અપેક્ષાપૂર્ણ ન થાય તો દ્વેષ આવે જ.

અંતે એમ કહેલું છે કે દ્વેષ છે ત્યાં દુઃખ છે જ... કોઇ વ્યક્તિ ને ક્યારેય જોયો છે દ્વેષ, ગુસ્સો, રોષ કરી સુખી થતા ? નહીં બરાબર ... કારણ કે દ્વેષ કરી કોઇ ક્યારે સુખી નથી થતો.. દ્વેષ કરી પળે-પળે દુઃખને અનુભવે છે... માટે જ ભગવંત કહે છે કે દ્વેષ ત્યાં દુઃખ છે.

આ બધાથી નિષ્કર્ષ કાઢવામાં આવ્યો છે કે રાગ છે ત્યાં દુઃખ છે... આ સંસારનો સ્વભાવ જ સ્નેહ-અનુરાગથી ભરેલો બતાવ્યો છે... તો વિચારો જે સંસારનો સ્વભાવ જ સ્નેહ-અનુરાગનો હશે એવા સંસારમાં દુઃખ કેટલું હશે...!!!

ગ્રંથકાર આગળ જણાવે છે કે આ સંસારમાં સવારમાં જે દેખાય છે તે પાછલા પહોરે એટલે કે સાંજે દેખાતું નથી.... અહીં સંસારની અનિત્યતા દર્શાવેલી છે... સંબંધ, સત્તા, સંપત્તિનો ત્રિવેણી સંગમ જ્યાં છે એવા સંસારાં જે પણ છે એ અનિત્ય છે... કેવી રીતે...? એ વાતને સમજીએ પૂર્વમાં બનેલી સત્ય ઘટનાઓથી... સંબંધોની અનિત્યતાની સમજણ લઇએ તેતલીપુત્રના દાખલાથી.. તેતલીપુત્ર હતા એક રાજ્યના પ્રધાન... એમને એક કન્યા ઉપર આકર્ષણ આવી ગયું... સમય જતા એવી પરિસ્થિતિ થઇ ગઇ કે તેતલીપુત્રને એ કન્યા સિવાય કશું જ દેખાતું ન હતું... ઘણા પુરુષાર્થો કરી તેતલીએ એ કન્યાને મેળવી એની સાથે લગ્ન કર્યા... લગ્ન કરી એમનું જીવન સરસ ચાલતું હતું... થોડો સમય વીત્યો અને અચાનક તેતલીપુત્રનો એ કન્યા એટલે કે એની પત્નિ ઉપરના સ્નેહનો અંત આવી ગયો... ઘણા પુરુષાર્થ કરી મેળવેલી સ્ત્રી કે જેના વિચારોમાં એ તેતલી દિવસ-રાત પસાર કરતો હતો, એ સ્ત્રી ઉપરનો બધો રાગ, બધો સ્નેહ ખતમ થઇ ગયો... સમજાય છે સંસારના સંબંધોની અનિત્યતા... સવારના દેખાતા સારા ખાસ્સા સંબંધોનો સાંજે અંત આવી જાય છે... આપણને લાગે કે મારા બધા સગા-વ્હાલા મારા માટે હંમેશા ઉપસ્થિત રહેશે... તો એ આપણી ભ્રમણા છે... આ ભ્રમણાને જો વહેલી તકે દૂર ન કરશું તો આપણને દુઃખી થતાં ભગવાન પણ નહીં બચાવી શકે...

સત્તા અને સંપત્તિની અનિત્યતાની સમજણ માટે પાંડવોથી સારો કોઇ દાખલો નથી... સત્તા, સંપત્તિથી સંપન્ન એવા પાંડવો સાથે શું થયું... એ આપણે સારી રીતે જાણીએ છીએ... સત્તા, સંપત્તિની કોઇ કમી ન હતી... રાજ્ય હતું... સારી પ્રજા હતી... સવારનાં જોઇને કોઇ કહી જ ન શકે કે એ પાંડવો ને

સાંજે એવા કષ્ટ સહવા પડશે... સવારનાં રાજા હતા એવા પાંડવો સાંજે પ્રજા પણ ન રહ્યા... જુગારના ખેલમાં બધુ હારિ ગયા કે સાંજે એમને રાજ્ય પણ છોડી જવું પડ્યું... જે સત્તા, સંપત્તિ એવા મહાપુરુષો પાસે નિત્ય ન રહી એ આપણી પાસે ક્યાંથી રહેવાની ...!!!

જે આપણું હોય એ આપણને છોડી ક્યારે ન જાય... આ ત્રણે ''સ'' આપણા છે જ નહીં... આ ત્રણે ''સ'' પર છે... ઋણાનુબંધ અને પુણ્યના ઉપર નિર્ભર રહેલા સંબંધ, સત્તા અને સંપત્તિ આપણા ન હોવાના કારણે મહેમાન જેવા ક્યારે આવે અને ક્યારે ચાલ્યા જાય એ ન ખબર પડે... ગ્રંથકારે બધી રીતે પ્રયત્ન કરી લીધો... આપણા જેવા મુઢ જીવોને સંસારનું સાચું રૂપ બતાવાનો... માટે હવે નિર્ણય આપણને લેવાનો છેકે આ અનિત્ય સંસાર પાછળ પુરુષાર્થ કરવા જેવો છે કે નહિ...? આ અશરણ સંસાર પાછળ આપણા બહુમૂલ્ય સમયનો બગાડ કરવા જેવું છે કે નહીં...? સુતેલાને જગાડવું સેલુ હોય પણ જાગેલાને જગાડવું ઘણું જ અઘરું છે... આપણી પણ આવી જ પરિસ્થિતિ છે... આ સંસારનું સ્વરૂપ આપણે જાણીએ જ છીએ... તોય ગ્રંથકાર આપણા જેવા જાગેલા (સંસારનું સ્વરૂપ જાણતા) જીવોને જગાડવાનું (સંસારનો સ્વરૂપ બતાવી) પ્રયત્ન કરી રહ્યા છે...!!!

**નિષ્કર્ષ : સ્નેહ-રાગ જેમાં વસે રે આ સંસાર અસાર રે,**
**અપેક્ષાના મહેલનો પાયો રાગ છે અસાર રે,**
**અપેક્ષાઓ જ્યાં પૂરી ન થાય ત્યાં દ્વેષ છે અસાર રે,**
**દ્વેષ કરી જીવ પળ પળ પામે દુઃખ છે અસાર રે....॥૧॥**
**અનિત્યતાનો બોધ કરાવે આ સંસાર અસાર રે,**
**જીવને પળ પળ દુઃખ આપે આ સંસાર અસાર રે,**
**નિત્યતા જેમા મળે છે ધર્મ એક જ સાર રે,**
**જીવને પળ પળ સુખ આપે ધર્મ એક જ સાર રે...॥૨॥**

# જયલક્ષ્મી બાગ

## ગુરુપદ મહિમા

અરિહંત પરમાત્માએ સુખના સાચા સાધન સ્વરૂપ બતાવેલ સર્વવિરતિ, ચારિત્રતા માર્ગ ઉપર રહી સમ્યગ્દર્શન-જ્ઞાનગુણથી આલંકૃત, પંચેન્દ્રિય વિજેતા, પંચાચાર પાલક અને પાંચ મહાવ્રતથી ભૂષિત આઠ પ્રવચન માતાની રક્ષાપૂર્વક સ્વ-પરના કલ્યાણ માટે અરિહંતના શાસનની રક્ષા કરતાં અને તેમના જ ઉપદેશને આપતાં પૃથ્વીતળ ઉપર વિચરતાં એવા ગુરુ ભગવંતો મહામોહના અંધકારમાં ફસાયેલા સંસારી જીવોને દિવ્યજ્ઞાન પ્રકાશ આપી અંધકારનો નાશ કરે છે.

આવા ગુરુ ભગવંતોની હૃદયથી વંદના કરનાર જિનશાસનાનુરાગી ભવ્યાત્મા દુઃસ્તર એવા સંસાર સાગરને સરળતાથી પાર કરી મુક્તિનગરમાં પહોંચી પોતાના સ્વરૂપમાં અનંતકાળ સ્થિર બને છે.

''**उपदेश सप्ततिका**'' ગ્રંથમાં ગુરુતત્વમાં શ્રી ગુરુનું લક્ષણ કહી રહ્યા છે,

**''निवर्तयत्यन्यजनं प्रमादत: स्वयं च निष्पाप पथे प्रवर्तते ।**

**गृणाति तत्वं हितमिच्छुरंगिनां, शिवार्थनां य:स गुरुर्निगद्यते**'' ।।

''જે ગુરુ પોતે નિષ્પાપ માર્ગમાં પ્રવર્તે છે...

અન્યજનને પ્રમાદથી બચાવે છે... તત્ત્વ પ્રકાશે છે...

મોક્ષાર્થી જનોના હિતને ઇચ્છે છે...

**તે ગુરુ કહેવાય છે....''**

આ કલિકાલમાં શ્રી જિનધર્મ ગુરુના આધીન હોવાથી વિવેકવંત જનોએ શ્રી ગુરુના ગુણોત્કીર્તન સહિત વિધિપૂર્વક અને વિનય, ભક્તિ તથા બહુમાનાદિકથી સમ્યક્ પ્રકારે તેમની આરાધના કરવી જોઇએ.

શ્રી ગુરુના ગુણોનું કીર્તન જીવનમાં હોવું જરૂરી છે...

પૃથ્વીપુર નામનું નગર..

પદ્મશેખર રાજવી...અત્યંત ધર્મી... ધર્મનિષ્ઠ...

પોતે ધર્મી હોવાથી નગરજનોને પણ ધર્મમાર્ગમાં પ્રવર્તાવતો હતો. નગરજનો પાસે વારંવાર ગુરુના ગુણોનું કીર્તન કરતો હતો. ગુણો ગાતો હતો.

**જે ક્ષમાવંત છે...., જે ઈન્દ્રિયોથી જીતાયેલા છે... જે શાન્ત છે...**
**જે ઉપશાંત છે..., જે પ્રશાન્ત.. રાગ કે રોષથી પરિવ્યક્ત છે...**
**પરપરિવાદથી વિરક્ત અને અપ્રમત છે...**
**તે ગુરુ કહેવાય છે...**

વંદન કરતાં જેઓ સમુત્સુક (અહંકારી) થતા નથી...
હીલના કરતાં જેઓ જ્વલંત (ક્રોધી) થતા નથી....
પોતાના ચિત્તને દમીને ધીર થઇ વિચરે છે...
જેમણે રાગ-દ્વેષનો નાશ કર્યો છે...
તે મુનિ છે...

બીજા પણ બે પ્રકાર છે.

**(૧) તપોયુક્ત અને (૨) જ્ઞાનોપયુક્ત**

**તપોયુક્ત - જે વડના પાંદડા સમાન હોય છે. એટલે કે તેઓ માત્ર પોતાના આત્માને જ તારે છે.''**

**જ્ઞાનોપયુક્ત - જે વહાણ સમાન હોય છે, ''જે પોતે પણ તારે અને બીજાને પણ તારે''**

આવી રીતે ગુરુના ગુણોનું વર્ણન કરતાં રાજાએ ઘણાં લોકોને ધર્મમાં સ્થિર કર્યા હતા. પરંતુ નગરીમાં બધાં જ ધર્મી હોય એવું જરૂરી નથી. એક વણિક... જે નાસ્તિક હતો... રાજા મુખેથી સાંભળી એ વિપરીત બોલતો હતો. ''ઇન્દ્રિયોનો નિરોધ કરવો દૂ:શક્ય છે... તપ એ માત્ર પોતાના શરીરને શુષ્ક બનાવી દેવાનો માર્ગ છે... કારણ કે સ્વર્ગ અને મોક્ષ કોણે જોયા છે ? 'આ કામભોગ તો હસ્તગત છે. ભવિષ્યનુ સુખ તો આપણે જાણતાં નથી.' વળી 'પરલોક કોણ જાણે છે, કે તે છે અથવા નથી, માટે આ બધું કશું કામનું નથી.

આ પ્રમાણે આ વણિક પોતાની પ્રચંચજાળથી ઘણા લોકોને છેતરતો હતો. એવી રીતે નગરીમાં બન્ને માર્ગના સુગતિમાર્ગ અને દુર્ગતિમાર્ગના ઉપદેશ આપનાર લોકો હતાં. એમાં રાજા હતાં તે સત્કાર્યોના માર્ગ બતાવી પુણ્યનો ઉપદેશ આપતા અને વણિક અધર્મનો માર્ગ બતાવી પાપોપદેશમાં કુશળ હતો....

આ પ્રમાણે દુર્ગતીના સ્વરૂપને જાણીને એકદા રાજાએ એને માર્ગ પર સ્થિર કરવા એક યુક્તિ કરી, પોતાના સેવક પાસે તે વણિકના ઘરે એક લક્ષ મૂલ્યનો હાર તેના આભૂષણની મંજૂષામાં નખાવી દીધો... પછી નગરમાં પટહ દેવરાવ્યો કે, ''રાજાનો અતિ મૂલ્યવાન હાર ચોરાયો છે. જે સામેથી આપી દેશે તેનો ગુનો માફ કરવામાં આવશે.. જે સામેથી નહીં આપે તેને શિક્ષા થશે''...

નગરીમાં પડહ વાગી રહ્યો છે. પણ કોઇ નગરજન હાર આપવા સામેથી આવતું નથી.... એટલે રાજાએ બધાના ઘરમાં શોધ ચાલુ કરાવી. શોધ કરતાં કરતાં તે વણિકના ઘરમાં હાર મળી આવ્યો... રાજપુરુષોએ હાર લઇ ને વણિકને રાજસભામાં હાજિર કર્યો... રાજાએ તેનો વધ કરવાનો આદેશ આપ્યો... નગરીમાંથી કોઇ છોડાવવા આવતું નથી. સ્વજનાદિ લોકોએ રાજાને વિજ્ઞપ્તિ કરી એટલે રાજાએ કહ્યું, 'જો મારી પાસેથી તેલનું પૂર્ણ પાત્ર લઇ... તેમાંથી એક પણ બિંદુ નીચે ન પાડતાં એ સમસ્ત નગરમાં ભમે અને પછી તે તેલપાત્ર મારી સામે આવીને મૂકે'.. જો એમ કરે તો જ એને સજા માફ થાય... અન્યથા નહિ... મરણના ભયથી તેણે તે વાત મંજૂર કરી.

પદ્મશેખર રાજાએ સમસ્ત નગરીમાં જગ્યા-જગ્યાએ પટુપટહ, વીણા, વિવિધ વાજીંત્રો ઉમદા શબ્થી યુક્ત વાંજીંત્રો મૂકાવ્યા, સર્વ ઇન્દ્રિયોને સુખ ઉપજાવે તેવા સેંકડો નાટકો પગલે પગલે રચાવી દીધા આ બધી વાતોમાં વણિક વિશેષ રસિક હતો. છતાં તૈલભાજમાં દૃષ્ટિ સ્થાપી. બન્ને બાજુએ ખુલ્લા અડ્ગને હાથમાં લઇ વિવિધ ભય પમાડતા સુભટોથી ભય પામતો તે સમગ્ર નગરાં ભમીને પાછો રાજા પાસે આવ્યો.

રાજાએ કિંચિત્ હસીને કહ્યું કે, હે ભદ્ર ! **'અત્યંત ચપલ મને અને ઈન્દ્રિયોને તુ કેવી રીતે જીતી શક્યો ?'** તેણે કહ્યું કે - હે સ્વામિન્ મરણના ભયથી, ત્યારે રાજાએ કહ્યું, **'જો એકભવને માટે પણ તે અપ્રમાદ સેવ્યો, તો અનંતસંસારના મરણથી ભય પામતાં એવા સાધુઓ કેમ પ્રમાદ સેવે ?**

માટે હે શ્રેષ્ઠિરાજ ! આ લોક જે વિસ્તૃત વિકથાઓ કરે છે, દુષ્ટ વિષયોમાં ગર્વિષ્ઠ થાય છે, મદમસ્ત હાથીની જેમ ચેષ્ટા કરે છે, ગુણ દોષના ભેદને જાણતાં નથી તે નરકાદિ કુયોનિમાં જાય છે. માટે દુષ્ટ એવા પ્રમાદરૂપ કુરિપુનું જ ચેષ્ટિત છે. માટે તું પ્રમાદ ન કર, જિનેશ્વરની ભકિત કર, ગુરુની સેવા કર, સંસાર કૂપમાં ન પડ.'' આ પ્રમાણે શિખામણ આપી. તેને પ્રતિબોધ્યો. તે શ્રાવક થયો.

ગુરુના ગુણોનું વર્ણન કરતાં, કુગ્રહ કુમતને અત્યંત નિગ્રહ કરવામાં એક મંત્રરૂપ એવા પદ્મશેખર રાજા સદ્ગતિને પામ્યાં, માટે હે ભવ્ય જીવો ! **'સદ્જ્ઞાન, દર્શન અને ચારિત્રધારી એવા શ્રી ગુરુદેવોના અતુલ ગુણોનું પરિકીર્તન કરવાં તત્પર થઇએ...**

समयं गोयम ! मा पमाअए

વૃક્ષ પરથી પીળું જીર્ણ પાદડું
જેમ
સમય વીતતા પડી જાય છે.
તેમ
મનુષ્યનું જીવન પણ આયુષ્ય પૂર્ણ
થતાં ખરી પડે છે.
માટે
હે ગૌતમ !
સમય માત્રનો પ્રમાદ ન કર

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૧

ઘાસની અણી ઉપર રહેલું
ઝાકળબિંદુ કયાં સુધી ટકે ?
હવાનો ઝોકો નથી આવ્યો ત્યાં સુધી!
બસ ! તેવું જ ક્ષણભંગુર છે મનુષ્ય જીવન
તેથી જ
હે ગૌતમ !
સમય માત્રનો પ્રમાદ ન કરીશ

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૨

ઘણા પ્રકારનાં
દુઃખો અને સંકટોથી ભરેલા
અલ્પ આયુષ્યવાળા જીવનમાં...
પૂર્વકૃત પાપકર્મની રજને
હે જીવો ! દૂર કરો...
માટે
હે ગૌતમ !
સમય માત્રનો પ્રમાદ ન કરીશ.

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૩

આ મનુષ્ય ભવ
સર્વ જીવોને લાંબા કાળે પ્રાપ્ત
થઇ શકે એવો દુર્લભ છે...
કર્મોના પરિણામ ગાઢ એવા છે કે,
જે ભોગવ્યા વિના છૂટતાં નથી
માટે
હે ગૌતમ !
સમય માત્રનો પ્રમાદ ન કર.

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૪

પંચેન્દ્રિય શરીરમાં
ઉત્પન્ન થયેલો જીવ ઉત્કૃષ્ટથી
સાત અથવા આઠ ભવ
ફરી ફરી ત્યાં કરે છે.
માટે
હે ગૌતમ !
એક સમયનો પ્રમાદ ન કર

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૧૩

શુભ -અશુભ
કર્મોના
કારણે જીવ સંસારચક્રમાં
પ્રરિભ્રમણ કરે છે...
માટે
હે ગૌતમ !
સમય માત્રનો પ્રમાદ ન કરીશ.

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૧૫

## समयं गोयम ! मा पमायए

દુર્લભ એવા મનુષ્યભવને
પામી ઘણાં જીવો ચોર અને મલેચ્છ
બને છે.
આર્યકુળ, આર્ય ખાનદાન મળવું
અતિ દુર્લભ છે.
માટે
હે ગૌતમ !
ક્ષણનો પણ પ્રમાદ ન કર...

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૧૬

આર્યકુળ - આર્યપણું
પામવા છતાં પાંચ ઈન્દ્રિયોની
પરિપૂર્ણતા પામવી ખરેખર વિશેષ
દુર્લભ છે...
ઈન્દ્રિયોની વિકળતા કે ખોડખાંપણ
દેખાય છે
માટે
હે ગૌતમ !
સમય માત્રનો પ્રમાદ ન કર...

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૨

પાંચ ઈન્દ્રિયોની પરિપૂર્ણતા
પામ્યા...
આર્યકુળ પામ્યા.. પણ
કુગુરુઓનો સંગ થવાથી સાચા ધર્મનું
શ્રવણ દુર્લભ છે...
માટે
હે ગૌતમ !
એક સમયનો પણ પ્રમાદ ન કર...

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૧૮

ઉત્તમ ધર્મના શ્રવણને
પામવાં છતાં યાથાર્થ શ્રદ્ધા થવી
અતિ દુલર્ભ છે.. કારણ
સમય જતાં અજ્ઞાનીઓનો સમુહ
સંસારમાં બહુ દેખાય છે...
તેથી
હે ગૌતમ !
સમય માત્રનો પ્રમાદ ન કર..

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૧૯

ઉત્તમ ધર્મની યથાર્થ શ્રદ્ધા
થવા છતાં... સંસારના કામભોગોમાં
આસક્ત જીવો માટે કાયાથી સદ્ધર્મનું
આચરણ અત્યંત દુર્લભ છે...
તેથી
હે ગૌતમ !
ક્ષણ માત્ર પણ પ્રમાદ કરીશ નહિ.

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૧૩

તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે..
તારા કેશ શ્વેત થઈ રહ્યા છે...
તારા કાન, આંખ, નાક, જીભ તથા
સ્પર્શેન્દ્રિયની શક્તિહીન થઈ રહી છે...
તારું સર્વબળ હરાઈ રહ્યું છે...
માટે હે ગૌતમ !
હવે તું સમય માત્રનો પ્રમાદ ન કર.

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૨૧ થી ૨૬

समयं गोयम ! मा पमाअए

પદાર્થો પ્રત્યે અરતિ...
કેન્સર આદિ રોગો, કોલેરા જેવા
જુદા જુદા રોગો...
તને સ્પર્શ કરે...
જેનાથી શરીર કદાચ કષ્ટ પામે
અથવા નષ્ટ થાય... માટે
હે ગૌતમ !
સમય માત્રનો પ્રમાદ ન કરીશ...

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૨૭

શરદ ઋતુનું ચંદ્ર કિકાસી
કમળ જેમ પાણીમાં ઉત્પન્ન થવા
છતાં પાણીથી ઊંચું અથવા અલિપ્ત રહે છે.
તેમ તું તારી
આસક્તિ-રાગથી અલગ થા...
સર્વ વસ્તુના મોહથી રહિત થઈ
હે ગૌતમ !
સમય માત્રનો પ્રમાદ ન કર...

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૨૮

મહા ભયંકર એવા
સંસાર સાગરને તું તરી ગયો છે.
વહે કિનારે આવી ગયો છે.
તું કેમ કિનારે ઉભો છે...
આ પાર આવવા ઉતાવળ કરે...
હે ગૌતમ !
સમય માત્રનો પ્રમાદ ન કર...

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૩૪

સિદ્ધપદ અપાવનાર
ક્ષપક શ્રેણીનું આલંબન લઈ
હવે તું સિદ્ધ ગતિને પામીશ...
સિદ્ધલોકે પહોંચીશ...
તે સ્થાન સુખકારી, કલ્યાણકારી અને
શ્રેષ્ઠતમ છે, માટે
હે ગૌતમ !
સમય માત્રનો પ્રમાદ ન કરીશ..

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૧૦.ગા-૩૫

હે આત્મન્ !
કર્મના હેતુને જાણ...
શોધી કાઢ, ક્ષમાથી યશ મેળવ...
આમ કરવાથી જ
સ્થૂળ શરીરને છોડીને તું
ઊચ્ચી દિશામાં જઇશ...
ઉચ્ચ ગતિને પામીશ...

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૩.ગા-૧૩

જ્યાં અજ્ઞાન છે...
ત્યાં દુઃખ છે...
અજ્ઞાની જીવો દુઃખી હોય છે...
તે જીવો અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.
માટે જ્ઞાની પુરુષો બહુ જન્મોની જાળના માર્ગને
જાણીને તજે છે. અને પોતાના આત્મા વડે જ
સત્યને શોધે છે. અને સર્વ જીવો સાથે
મૈત્રીભાવ સ્થાપન કરે છે.

-ઉત્તરાધ્યયન સૂત્ર અ.૬.ગા-૧/૨

# બાહુબલી

ભરત ક્ષેત્રની પાવનકારી ભૂમિ...
જ્યાં છે ભારત દેશ... જેમાં છે કલાકેલિ નગરી...
અસિ-મસિ-કૃષિનો વ્યવહાર હોવાથી કર્મભૂમિ...
કણ-કણમાં જ્યાં સંસ્કારોનું સિંચન છે એવી ધર્મભૂમિ...

એવા કલાકેલિ નગરીમાં કેલિપ્રિય રાજા રાજ્ય કરે છે... પરાક્રમી છે... ન્યાય નીતિથી રાજ્ય કરે છે... રાજા-પ્રજા બધા સુખપૂર્વક જીવન જીવી રહ્યા છે. કેલિપ્રિય રાજાને રૂપ-શીલ સંપન્ન કેલિપ્રિયા નામે પટ્ટરાણી છે. બાહુબલી નામે પુત્ર છે. રાજકુમાર બાહુબલી સંસ્કારી અને ધાર્મિક વૃત્તિવાળા છે. ધર્મ ઉપર પ્રીતિના કારણે જિન દર્શન-પૂજા અને સત્સંગ જીવનમાં વણાયેલા છે. નગરમાં સાધુ-મહાત્મા પધારે તો તેઓ દર્શન-વંદન -જિનવાણી શ્રવણનો અવશ્ય લાભ લેતા...

એકદા નગરમાં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી માનમર્દનસૂરિ મ.સા. પધાર્યા... સમાચાર મળતાંજ રાજકુમાર દર્શનાર્થે આવ્યો. ગુરુ ભગવંતની દેશના સાંભળવાનો સુઅવસર પ્રાપ્ત થયો... દેશનામાં આચાર્ય ભગવંતે ગિરિરાજના અપૂર્વ મહિમાનું વિસ્તારથી વર્ણન કર્યું.. ગિરિરાજનું વર્ણન સાંભળી બાહુબલી અત્યંત પ્રભાવિત થયા... બાહુબલી દરરોજ ગિરિરાજનું ધ્યાન ધરવા લાગ્યા... ગિરિરાજના ધ્યાનમાં અપૂર્વ આનંદ અને શાંતિની અનુભૂતિ થવા લાગી... કાંકરે કાંકરે અનંત સિદ્ધોના દર્શન થવા લાગ્યા... આત્માનુભુતિ દ્વારા આત્મ નિર્મળતામાં વૃદ્ધિ થવા લાગી... આત્મલીનતા વધવા લાગી. દિવસે દિવસે આત્મધ્યાનમાં શુદ્ધિ વધવા લાગી. એક દિવસ ગિરિરાજના ધ્યાનમાં એકાગ્રતા આવતાં આત્મા ક્ષપક શ્રેણીએ આરૂઢ થયો અને અલ્પ સમયમાં ચાર ઘનઘાતી કર્મનો ક્ષય કરીને કેવલદર્શન અને કેવલજ્ઞાનને પામ્યા... દેવદુંદુભિનો નાદ ગાજ્યો દેવોએ કેવલજ્ઞાનનો મહોત્સવ કર્યો... સાધુનો વેશ આપ્યો... બાહુબલી રાજકુમાર કેવળજ્ઞાની બાહુબલી બન્યા... એમાંથી કેવલજ્ઞાની મુનિ બાહુબલી બન્યા...

રાજા-રાણી સંઘ સાથે ગિરિરાજ ઉપર આવ્યા... ગિરિરાજ ઉપર કેવલજ્ઞાની બાહુબલી મુનિએ દેશના ફરમાવી... દેશના સાંભળતા એક કરોડ ભવ્યાત્માઓ નિર્વાણ પદને પામ્યા... આથી ગિરિરાજનું નામ બાહુબલી પડ્યું.

મતમતાંતરે આદિનાથ પુત્ર બાહુબલી ૧૦૦૮ મુનિઓ સાથે ગિરિરાજ ઉપર મોક્ષે ગયા. તેથી ગિરિરાજનું નામ બાહુબલી પડ્યું.

ગિરિરાજના ધ્યાનથી આપણે પણ અપૂર્વ આત્મ નિર્મળતાના સ્વામિ બનીએ.. નિત્ય ગિરિરાજનું ધ્યાન ધરીએ...

# CHILDREN'S CORNER




PART 4

## Arrogance of Penance-Ascetic Ego

An ascetic who performs austere penance burns many deeds-karma to ashes but if it becomes his arrogance...then the penance loses its fruit due to ascetic ego.

The fellow sages of Muni Kuragaḍu had developed ascetic ego...

The festival of Saṁvatsarī had arrived...

Young and old started the Yajña-sacrifice of penance ...someone's 6 months fast...someone's 5 months...someone's 4 months...someone's 3 months...2 months...one month-māsakṣamaṇa...but he was Kuragaḍu sage! There is such a karmic rise of kṣudhā vèdanīya...which is not calmed down without putting something in the stomach...Today was the day of fasts of the fellow-sages when this Munirāja with unhappy mind left to take gocarī... he got rice in ālms...he took the rice and came back to his place...he inspected it...showed it to the fellow muni and invited them...

The fellow munis were ascetics...great ascetics...but were full of ascetic ego in every cell of their body; when one has ego of penance-adoration that time the worship descends instead of ascending...makes lose senses...the fellow ascetics also lost their consciousness...they spitted in Muni Kuragaḍu gocarī container...and they started talking insultingly...

Muni Kuragaḍu felt blessed on receiving grace from fellow munis...worshiping the fasting state of the soul...and condemning his cognizance of food...with tearful eyes started eating...he started burning-consuming karmas of several births...and destroying the four ghāti karma became kèvaḷī while eating...

His fellow Munis doing fast for four-months...3-months...2-months... māsakṣamaṇa were left out and Muni Kuragaḍu became kèvaḷī! Asking forgiveness from this Kèvaḷa jñānī the fellow munis also finally became Kèvaḷa jñānī...attained delightfulness-loveliness of mokṣa...

After knowing this form of ascetic ego...the souls desiring mokṣa should understand and remain alert at every step. It is important to be careful that from some back door this ascetic ego should not enter and scatter the garden of our accomplishing. One distinctly understands here that the ego can turn an instrument to a weapon. Further also there is a similar story that is worth knowing...to understand and become careful-cautious...

## Arrogance of Knowledge-Śruta Ego

**Due to adoration in last birth one may get good intellect...one can study a lot and if one cannot digest the knowledge acquired then one develops the arrogance of knowledge...that is called as Śruta ego or arrogance of knowledge.**

It is well-known in the scriptures that Sthulībhadrajī became arrogant for his knowledge.

A very scholarly sādhu group was sent by the Śrī Jaina saṅgha to study-learn the 14 pūrva to Nepal country from the last Śrutakèvalī Śrī Bhadrabāhuswāmī who was accomplishing mahāprāṇāyāma here. With the sentiment of welfare of the saṅgha along with mahāprāṇāyāma accomplishing, Bhadrabāhuswāmī started the teaching to the saṅgha...all the sādhus started learning the lessons enthusiastically...but as the time passed sadhu's felt difficulty in learning of the pūrva-knowledge. Slowly one after the other the sādhu left...finally only one sādhu Sthulībhadra remained who regularly took the lessons daily...the study was ongoing...

Once Yakṣa etc. seven sisters went to offer salutations to Sthulībhadra. The learned Sthulībhadra due to ego of knowledge and to show its influence changed his appearance to a lion and set in the cave...Sādhvīji returned as did not find her brother muni...when asked by Bhadrabāhu swāmi they said brother is not there...only lion is there. So they were asked to visit the cave again for salutations. Using his own knowledge Bhadrabāhu swāmī got the point...his mind started reeling-"the jīva after this time-period will not be able to digest the śruta-jñāna imparted to them...the indigestion of knowledge is more dangerous than the external indigestion of food...this indigestion will cause more harm to the regime rather than benefitting it..."

As time passed, Sthulībhadra came to take the lesson...Bhadrabāhuswāmī clearly refused him to give further reading. Sthulībhadra thought and understood his mistake and asked forgiveness again and again. But Bhadrabāhuswāmī did not agree. When the saṅgha pleaded a lot then with the condition of not transmitting this knowledge to any one he gave the original lesson of the pūrva. But did not teach its meaning and mysteries...As a result of knowledge-arrogance-egoism of Sthulībhadra of this led to the disappearance of the 14 ancient secrets-mystery of Pūrva of Bharata region and the tradition of 14 pūrva died out.

Knowing the different types of ego and its fruit Oh Human! Be careful and travel in the path of accomplishing-achieving-diligence...let this ego-arrogance not derail the accomplishing life before reaching the pinnacle of achievement ...not destroy-ruin all your accomplishing for which please be aware.

# જ્ઞાન સુધારસ પીજે...

પ્રશ્ન – ૧ જીવના ભેદ કેટલા? કયાં?

ઉત્તર– જીવના ૨ ભેદ છે. (૧) સંસારી અને (૨) મુક્ત (સિદ્ધ)

પ્રશ્ન – ૨ સિદ્ધ આત્મા કોને કહેવાય?

ઉત્તર–જે આત્મા સંપૂર્ણપણે કર્મરહિત છે તે સિદ્ધ આત્મા કહેવાય.

પ્રશ્ન – ૩ સંસારી આત્મા કોને કહેવાય?

ઉત્તર– જે આત્માને કાર્મણ વર્ગણા ચોંટેલી છે. કર્મસહિત છે તે સંસારી કહેવાય.

પ્રશ્ન – ૪ સંસારી આત્માના કેટલા ભેદ છે?

ઉત્તર– સંસારી આત્માના બે ભેદ છે.

પ્રશ્ન – ૫ સંસારી આત્માના બે ભેદ કયા છે?

ઉત્તર– ભવ્યજીવ અને અભવ્ય જીવ સંસારી આત્માના ભેદ છે.

પ્રશ્ન – ૬ ભવ્યજીવ એટલે શું?

ઉત્તર–સિદ્ધ થવાની યોગ્યતાવાળા જીવને ભવ્ય જીવ કહેવાય.

પ્રશ્ન – ૭ અભવ્ય જીવ એટલે શું?

ઉત્તર– જે જીવ સિદ્ધ થવાને યોગ્ય નથી તે અભવ્યજીવ કહેવાય.

પ્રશ્ન – ૮ જાતિભવ્ય જીવ કોને કહેવાય?

ઉત્તર– જે જીવમાં મોક્ષે જવાની યોગ્યતા છે, ભવ્ય છે. પણ તે કદી અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવતાં જ નથી તે આત્માઓ 'જાતિભવ્ય' કહેવાય.

પ્રશ્ન – ૯ 'હું ભવ્ય છું' એની ખબર કેવી રીતે પડે?

ઉત્તર– પ્રિયમાં પ્રિય વ્યક્તિને મળવા માટેની હૃદયમાં જે તાલાવેલી લાગે છે એવી તાલાવેલી હૃદયમાં મોક્ષ મેળવવાની લાગે તો સમજવું કે 'હું ભવ્ય છું'

પ્રશ્ન – ૧૦ 'હું અભવ્ય છું' એની ખબર કેવી રીતે પડે?

ઉત્તર– અભવી ને હું ભવ્ય છું કે અભવ્ય એવી શંકા જ ક્યારે ઉત્પન્ન નથી થતી. જે આત્મા મોક્ષની વાતો કરે, મોક્ષનો માર્ગ સમજાવે, ઉપાયો બતાડે, પણ અંતરથી મોક્ષને ઇચ્છતો નથી.

અભવીનો આત્મા દીક્ષા લે, ઘણાં કષ્ટો સહન કરે, પણ મોક્ષને માને નહિ..

પ્રશ્ન – ૧૧ લોકમાં ભવ્ય જીવો વધારે કે અભવ્ય?

ઉત્તર– લોકમાં અભવ્યથી ભવ્ય જીવો અનંતગણા અધિક છે.

પ્રશ્ન – ૧૨ અભવ્ય જીવો જૈન ધર્મ પામે ખરા?

ઉત્તર– અભવ્ય જીવો શ્રાવકના અને સાધુનાં વ્રત સ્વીકારે છે. સૂત્ર-સિદ્ધાંત ને જાણે છે છતાં તેમને સમ્યક્જ્ઞાન, દર્શન-ચારિત્રની પ્રાપ્તિ થતી નથી.

પ્રશ્ન – ૧૩ અભવ્ય જીવો બાહ્ય ક્રિયા કરે તેનું ફળ મળે?

ઉત્તર– હા– શુભકરણીનું શુભ ફળ અને અશુભકરણીનું અશુભ ફળ મળે.

પ્રશ્ન – ૧૪ આરાધના કરીને અભવ્યનો જીવ ક્યાં

સુધી જઇ શકે ?

ઉત્તર- અભવ્ય જીવ સાધુના વ્રત પાળી નવમાં ગ્રૈવેયક દેવલોક સુધી જઇ શકે

પ્રશ્ન -૧૫ વર્તમાન સમયમાં અભવી કેટલાં છે ? અનેક્યાંક્યાં ?

ઉત્તર- વર્તમાન સમયમાં (અભવી) અભવ્ય આઠ છે. (૧) સંગમ દેવ (૨) કાલસૌરીક કસાઇ (૩) કપિલા દાસી (૪) અંગારમર્દક આચાર્ય. (૫) પાલક પાપી (૫૦૦ સાધુને ઘાણીમાં પીલનાર) (૬) કૃષ્ણ મહારાજનો પુત્ર પાલક (જે શાંબની પહેલા શ્રી નેમનાજીને વંદના કરવા ગયો હતો) (૭) વિનયરત્ન (જેણે કપટથી ઉદાયી રાજાને માર્યો હતો. (૮) ધન્વંતરી વૈદ્ય.

પ્રશ્ન -૧૬ અભવ્યને શું પ્રાપ્ત ન થાય ?

ઉત્તર- અભવ્યને છત્રીસ વસ્તુઓ પ્રાપ્ત થતી નથી. (૧) ઇન્દ્રપણું ન પામે. (૨) પાંચ અનુત્તરપણું ન પામો. (૩) ત્રેસઠ શાલાકા પુરુષ ન થાય. (૪) નવ નારદજી ન થાય. (૫) કેવલી ભ. ગણધરજીના હાથે દીક્ષા ન પામે. (૬) તીર્થંકર વર્ષીદાન દે તે ન પામે. (૭) શાસનના -પ્રવચનના અધિષ્ઠાયક (૮) નવ લોકાંતિક દેવપણું ન પામે. (૯) દેવસ્વામી ન થાય દેવ-દેવી ન થાય. (૧૦) તેત્રીસ ગુરુ સ્થાનકીયા દેવ પદ ન પામે. (૧૧) પંદર જાતિના પરમાધામી ન થાય. (૧૨) યુગલિક મનુષ્ય ન થાય. (૧૩) સંભિન્નશ્રોતોલબ્ધિ ન પામે. (૧૪) પૂર્વધરલબ્ધિ ન પામે. (૧૫) આહારકલબ્ધિ ન પામે. (૧૬) પુલાકલબ્ધિ ન પામે. (૧૭) મતિશ્રુતજ્ઞાનાદિકની લબ્ધિ ન પામે. (૧૮) સુપાત્રદાન ભાવથી ન આપે. (૧૯) સમાધિપણે મરણ ન થાય. (૨૦) વિદ્યાચારણ, જંઘાચારણની લબ્ધિ (૨૧) મધુસર્પાલબ્ધિ ન પામે. (૨૨) ખીરાશ્રવલબ્ધિ ન પામે. (૨૩) અક્ષીણમહાનસી લબ્ધિ ન પામે. (૨૪) તીર્થંકર, તીર્થંકરની પ્રતિમા શરીરના ભૌદાદિ કારણમાં પણ ન આવે. (૨૫) વિમાનના સ્વામીપણાને ન પામે. (૨૬) સમ્યગદર્શન, જ્ઞાન, ચારિત્ર ન પામે. (૨૭) બાહ્ય, અભ્યંતર તપના ભાવ ન પામે. (૨૮) ગુણી ગુણની ભાવ સહિત ભક્તિ ન પામે. (૨૯) સંઘની સેવા-ભકિત-સાઝ ન સાધી શકે. (૩૦) સંસાર દુઃખની ખાણ છે એવો ભાવ ન આવે. (૩૧) શુકલપાક્ષિક ન થાય. (૩૨) તીર્થંકરના માતા પિતા, સ્ત્રી ન થાય. (૩૩)તીર્થંકરના યક્ષ-યક્ષિણી ન થાય. (૩૪) યુગપ્રધાન ન થાય (૩૫) આચાર્યાદિક દશનો વિનય ન કરે. (૩૬) પરમાર્થ ઉત્કૃષ્ટ ગુણે અધિકપણું ન પામે. (૩૭) અનુબંધ હિંસા, હેતુ હિંસા, સ્વરૂપ હિંસા, તે જ અહિંસા ત્રણ શ્રી તીર્થંકરે કહી છે. તે દ્રવ્યથી અને ભાવથી એ બે પ્રકારે અભવ્ય જીવ ન પામે, તેમ જ તીર્થંકરની ઋદ્ધિ પણ ફોરવી ન શકે... માત્ર તીર્થંકરની ઋદ્ધિ જોઇને હું કેમ પૂજાઉં તે માટે ક્રિયા કરે, અને બીજું કાંઇપણ ધર્મકાર્ય કરે તે પણ દ્રવ્યથી કરે પણ ભાવથી ન કરે.

# ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૫)

જૈન દર્શનના સામાન્ય જ્ઞાનથી આધારીત પ્રશ્નો બે વિભાગમાં **''ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા''** અંતર્ગત મૂકવામાં આવ્યા છે. પ્રશ્નો બરાબર વાંચીને મોડામાં મોડા **૧૫ એપ્રિલ-૨૪** સુધી નીચેના સરનામે મોકલવાના રહેશે. પ્રથમ ત્રણ વિજેતાને **રૂા. ૫૦૦, રૂા. ૩૦૦** અને **રૂા. ૨૦૦** ના ઇનામો મોકલવામાં આવશે. તથા **બધા સ્પર્ધકોના નામ આગામી અંકમાં છાપવામાં આવશે.** નીચેના સરનામે સ્પર્ધાના જવાબો મોકલાવશો.

**'' ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા -(૧૨૫) ''**

shilpaajani1@gmail.com પર ઇ-મેઇલ કરો. **અથવા**

whatsapp Mo. 98211 13338

ઇ-મેઇલ થી મોકલાવેલ ઉત્તરપત્રો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવા હોવા જરૂરી છે. સ્કેન કરી પણ મોકલી શકાશે.
આપનું નામ, સરનામું તથા કોન્ટેક્ટ નં. અવશ્ય લખશો...

## ''ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૫)''

**I નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો : -**

**૧. ઋષભદાસ કવિ કેવી રીતે બન્યા ?**
**૨. ૭૦૦ ઉપાશ્રયો કોણે બંધાવ્યા ?**
**૩. કયા આગામમાં જિનપૂજા કરવાથી શિવગતિની પ્રાપ્તિ થાય છે.**
**૪. કોણે શત્રુંજયનો સંઘ કાઢ્યો જેમાં ૨૪ જિનાલયો હતા ?**
**૫. ગિરનાર તીર્થ પર કયા શ્રાવકે પ્રતિમા પ્રતિષ્ઠા કરાવી છે ?**
**૬. બે પહોર સુધી કયું પાણી પીવામાં કલ્પે ?**
**૭. મરીને ચોથી નરકમાં જઇ ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઇ કોણ મોક્ષે જશે ?**
**૮. નિગોદમાંથી નીકળેલો જીવ કેટલા સમય માટે ત્રણપણું પામે છે ?**
**૯. કપીલ કેવલીના દર્શનથી કોણ સંયમી બન્યું ?**
**૧૦. જીવે ચાર ગતિમાંથી સૌથી વધુ ભવ કઇ ગતિમાં કર્યા છે ?**
**૧૧. ધર્મશ્રવણ કરાવવા દેવો કઇ નારકી સુધી જઇ રહે છે ?**
**૧૨. પ્રભુ પર છોડેલી તેજોલેશ્યા કયાં આયુષ્ય કર્મના કારણે મૃત્યુ નીપજાવી ન શકી ?**
**૧૩. કયા રાજાએ સવા કરોડ સૌનેયાથી પોતાના ગુરુનું ગુરુપૂજન કર્યું ?**

૧૪. છઠ્ઠા આરામાં ક્યા તીર્થની ઉંચાઈ ૧૦૦ ધનુષ્ય રહેશે ?

૧૫. કોના દશ પુત્રો સિદ્ધાચલ પર શિવસુખને વર્યા છે ?

૧૬. અંતર્મુહૂર્તનો આયુષ્ય પામી સાતમી નરકે કોણ જાય છે?

૧૭. ગાંગેય અણગાર કેવા સિદ્ધ થયા ?

૧૮. રોહગુપ્ત ક્યા રાજાના ગુરુના શિષ્ય હતાં ?

૧૯. કોના ૭૦૦ શિષ્યો અણસણ કરી પાંચમા દેવલોકમાં ગયા ?

૨૦. કંડરીકમુનિ ત્રણ દિવસમાં કેટલા વર્ષનો સંયમપર્યાય હારી ગયા ?


II A

(૧) ઉત્તરાધયયન સૂત્રનો પહેલો અધિકાર છે. નમ્યો તે સહુને ગમ્યો.


(૨) આત્માના હિત-અહિતનો ખ્યાલ રાખે તે.

(૩) જે જાણો તેનું આચરણ કરવું તે શું ?

(૪) વિનય હોય તો જીવનમાં આવે ?




B ૨૨ થી ૩૩ સુધીના અંક ગોઠવી પંચપરમેષ્ઠિ ગુણ યંત્ર બનાવો. (ટોટલ ૧૦૮ ઉભી-આડી થવી જોઈએ)




C પાંચ અક્ષરનું પવિત્ર નામ છે.


✪ ૧ + ૪ અક્ષરથી દુનિયા
✪ ચાર અને પાંચ અક્ષરથી અવાજ
✪ પાંચ અને એક અક્ષરથી પ્રકાશ આપનાર
✪ બે અને પાંચ અક્ષરથી અપ્રિય શબ્દ

# ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૪)

## (ગતાંકના સાચા જવાબ)

I (૧) પરા-નાભીમાંથી બોલાયા, પશ્યી-હૃદયમાંથી બોલાય, મધ્યમા-ગળામાંથી, વૈખરી-જીભમાંથી (૨) પ્રભુએ નિષેધેલું કરે, કહેલું ન કરે, કહેલ ઉપર શ્રદ્ધા ન કરે, અને કહેલાથી વિપરીત કરે. (૩) ક્રોધ, કૃતઘ્ન, ઈર્ષ્યા અને મિથ્યાત્વશલ્ય. (૪) ગવેષણા, ગ્રહણૈષણા, ગ્રાસૈષણા. (૫) શત્રુંજય, સમ્યક્ત્વ, સિદ્ધાંત, સંઘક્તિ, સંતોષ, શ્રદ્ધા, સામાયિક. (૬) ભવાભિનન્દી, પુદ્ગલાનન્દી, આત્માનન્દી, સહજાનન્દી. (૭) વ્રત, શ્રુત, સ્નાન, સમાધિ, નિઃસ્પૃહતાનો દંભ. (૮) નવ નો કષાય, મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા અને લોભ. (૯) જાતિસ્મરણજ્ઞાનથી જીવ પોતાના કેટલા ભવો જઇ શકે છે ? -૯૦૦ (૧૦) ૧૮૦૦ (૧૧) સમકિત-વિરતિ-અપ્રમાદ-અકષાય-અયોગી. (૧૨) કોણિકરાજા (૧૩)પત્ની (૧૪) પુણ્યાઢ્ય (૧૫) ૭ દિવસ. (૧૬)ગૌતમસ્વામી (૧૭) ૭ મી નારકી (૧૮) સ્થલચર (૧૯)૧૯, ૬૩, ૨૬૭ પલ્યોપમ દેવ. (૨૦) ચાર હજાર, પચાસ ફીટ


II A





B

| | | | |
|---|---|---|---|
| 1 | 6 | 10 | 7 |
| 12 | 24 | | 11 |
| 3 | | | 4 |
| 8 | 9 | 5 | 2 |

C



## ઉત્તમજ્ઞાનાનંદ સ્પર્ધા (૫૪)માં નીચેના ભાગ્યશાળીઓએ ભાગ લીધેલ

(૧) શ્રીમતિ મધુરી કીશોર ડાઘા (કોઈમ્બતુર)
(૨) શ્રીમતિ કૌશલ્યા વિજય મોમાયા (સોલાપુર)
(૩) શ્રીમતી ગીતા ડી. છેડા (મુલુન્ડ)
(૪) શ્રીમતી નયના નરેન્દ્ર લાલકા (વાશી)
(૫) શ્રીમતી મૃદુલા ડીનેશ દંડ (મુલુન્ડ)

**પ્રથમ વિજેતા**

**શ્રીમતિ મૃદુલા ડીનેશ દંડ**

402, Manisha Elite,
P.K. Road,
Near Aditi Hospital,
Mulund (w)
Mumbai - 400 080.

**દ્વિતીય વિજેતા**

**શ્રીમતિ ગીતા ડી. છેડા**

204, Shreyans Apt
Sarvodaya Parasnath Nagar,
Jain Mandir Road,
Mulund (w)
Mumbai - 400 081.

**તૃતીય વિજેતા**

**શ્રીમતિ નયના નરેન્દ્ર લાલકા**

23, Lalka Cottage,
Sector - 12
Vashi - 400 703.
(Navi Mumbai)